RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 151* Date: 22.03.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગુજરાત-રાજસ્થાન હાઈવે ત્રણ દિવસથી બંધ

## સુજાનગઢને અલગ જિલ્લો બનાવવાની માગ સાથે હજારો લોકો રસ્તા પર, ૧૫૦૦ ટ્રકનાં પૈડાં થંભી ગયાં; ટ્રકમાં શાકભાજી-ફળ સડવા લાગ્યાં



ફતેહપુર,તા.૨૧

રાજસ્થાનના ફતેહપુર (સીકર)થી ગુજરાત જતો નેશનલ હાઈવે-૫૮ ત્રણ દિવસથી બંધ છે. કિશનગઢ (અજમેર)થી હનુમાનગઢ સુધી લગભગ ૧૦ કિલોમીટર સુધીનો ટ્રાફિકજામ થયો છે. સુજાનગઢ (ચુરુ)ના બોબાસર ફ્લાઈઓવર (પુલ)ની પાસે હજારો લોકો ત્રણ દિવસથી ધરણા પર બેઠા છે. તેઓ સુજાનગઢને જિલ્લો બનાવવાની માંગ કરી રહ્યા છે. ૧૫૦૦થી વધુ ટ્રકો છેલ્લા ત્રણ દિવસથી ફસાયેલી છે. આ ટ્રકોના ડ્રાઈવરોની હાલત કફોડી બની છે. રાજસ્થાનમાં નવા જિલ્લા જાહેર થયા બાદ પોતાના તાલુકાઓને પણ જિલ્લા બનાવવાની માગ પ્રબળ બની છે. હાલમાં આ હાઈ વે પર ચક્કાજામ રહેતાં ગુજરાત-રાજસ્થાન ટ્રાફિકને અસર પડી છે.ટ્રક ડ્રાઈવરે દાવો કર્યો હતો કે તેના વાહનોમાં ૧૦ કરોડથી વધુનો સામાન બગડી રહ્યો છે. ટ્રક ફળો, શાકભાજી વગેરેથી ભરેલી છે. હાઈવે પર આ ડ્રાઈવર રડી રહ્યો છે. ઉપરથી હાઈવે પર ખાવાનું એટલું મોંઘું થઈ ગયું છે કે લોકોને પરસેવો વળી જાય છે. બેસો રૂપિયામાં ચાર રોટલી-શાક મળી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાંથી ટ્રાફિકજામમાં અટવાયેલા આ ટ્રક ચાલકોને હવે કંઈ સમજાતું નથી. માલિકો આ ડ્રાઈવરોને અલગથી ધમકી આપી રહ્યા છે કે જો સામાન સમયસર નહીં પહોંચે તો તેમને પેમેન્ટ નહીં મળે. તે તેમના પગારમાંથી કાપવામાં આવશે. બીજી તરફ જેની પાસે માલ છે તેઓ પણ ધમકી આપી રહ્યા છે.કિશમગઢથી હનુમાનગઢ જતા મેગા હાઈવે પર હજારો પ્રદર્શનકારીઓએ ધામા નાંખ્યા છે. પ્રદર્શનકારીઓ કોઈપણ વાહનને આગળ જવા દઈ રહ્યા નથી.

મહારાષ્ટ્રથી શ્રીનગર (કાશ્મીર) ટ્રક લઈને જઈ રહેલા સજ્જર અહેમદે કહ્યું- હું ત્રણ દિવસથી અહીં ઊભો છું. બોલો... અમારો શું વાંક? હાઈવે પર સેંકડો ટ્રકો ફસાઈ ગઈ છે. આમાંની ઘણી ટ્રકોમાં ફળો અને શાકભાજી ભરેલ છે. આ ફળો અને શાકભાજી હવે બગડી રહ્યા છે. અમારા ગ્રુપના ચાર વાહનો ૧૫ લાખની કિંમતના નારંગીથી ભરેલા છે, જે આવતીકાલ સુધીમાં બગડી જશે. ઉપરથી પાર્ટી કહી રહી છે કે અમારો માલ સમયસર મળ્યો નથી, અમે તમારી પાસેથી ભાડું લઈશું. અહીં હોટલોવાળા પણ તકનો લાભ લઈ રહ્યા છે. શાક અને ૪ રોટલીના ૧૫૦-૨૦૦ રૂપિયા લે છે. મહુઆ ભાવનગર (ગુજરાત) થી પંજાબના મલેરકોટલા જઈ રહેલા હરપ્રીત સિંહે કહ્યું- ૨ વાહનોમાં ૧૬-૧૭ લાખની ડુંગળી ભરેલી છે. નાસિક (મહારાષ્ટ્ર) થી પટિયાલા (પંજાબ) જઈ રહેલા લખવીર સિંહ પાસે બે વાહનોમાં ૧૦ લાખની કિંમતના ટામેટાં છે, જે આજે રાતથી બગડવા લાગશે. લગભગ ૧૫ ટ્રકોમાં મારી પાસે ૨ કરોડના કેળા ભરેલા છે. વાહનચાલકોનું કહેવું છે કે માલ સિવાય ભાડું પણ લાખોમાં છે, જેનું નુકસાન થશે.

પંજાબના જલંધરથી ઓઈલ ટેક્કર લઈને પહોંચેલા બલવિંદર સિંહ કહે છે - તે ત્રણ દિવસથી અહીં ફસાયેલા છે. અહીં ન તો ખાવાની અને ન તો ચા-પાણીની સગવડ છે. હાઈવે પરની હોટલો પણ મનમાની કરી રહી છે. ડબલ પૈસા લઈ રહ્યા છે. અમે મર્યાદિત રૂપિયા લઈને ગયા હતા, તે પણ પુરા થઈ જવા આવ્યા છે.ટ્રક ડ્રાઈવર સોનુની પણ આવી જ હાલત છે. સોનુ કહે છે- જેની પાસે સામાન છે, તે સતત ધમકી આપી રહ્યા છે કે તે ભાડું નહીં ચૂકવે. આ સિવાય માલની કિંમત પણ વસૂલ કરશે. રાજસ્થાનનાં ફતેહપુરથી ગુજરાતનાં પાલનપુર જતા નેશનલ હાઈવે-૫૮ પર સાલાસર, બીદાસર અને લાડનુંના સેંકડો લોકોએ પહેંચીને આંદોલનને સમર્થન કર્યું છે. દિનેશે કહ્યું- તે પંજાબથી બટાકા ભરીને ઈન્દોર જવા નીકળ્યો હતો. ૩૬ કલાક થઈ ગયા. ૪ દિવસથી કેરેટમાં પેક થવાને કારણે બટાકાની ગુણવત્તા ખરાબ થઈ રહી છે. પાર્ટીએ ચીમકી આપી છે કે જો માલને નુકસાન થશે તો ટ્રાન્સપોર્ટ માલિક પાસેથી સંપૂર્ણ રકમ વસૂલ કરવામાં આવશે. એ જ રીતે સુખબીર પણ બે દિવસથી આ જામમાં ફસાયેલા છે. તે કહે છે - ચોખા ભરેલી ટ્રક લઈને મુંબઈ જવા નીકળ્યો હતો.

હવે ખાવા પીવામા પણ મુશ્કેલી પડી રહી છે. આંદોલનકારીઓ અને સરકાર વચ્ચેની લડાઈમાં ટ્રક ચાલકોને મુશ્કેલીઓમાં મુકી દીધા છે.નેશનલ હાઈવે-૫૮ પર હજારો લોકો એકઠા થઈ ગયા હતા. જેમાંથી ૧૦૦થી વધુ મહિલાઓ છે. સુજાનગઢના લોકો ધારાસભ્યના રાજીનામાની માંગ કરી રહ્યા છે. આંદોલનકારીઓનું કહેવું છે કે જો ટૂંક સમયમાં જિલ્લો બનાવવાની જાહેરાત નહીં થાય તો આંદોલન ઉગ્ર બનાવાશે. જેની જવાબદારી સરકારની રહેશે.નગરના તમામ રાજકીય પક્ષો જિલ્લા બનાવવાની માંગ માટે એક મંચ પર એકઠા થયા છે.

ભાજપ યુવા મોરચા શહેરભરમાં ફરે છે, શેરી નાટકો કરીને લોકોને આ ચળવળમાં જોડાવા માટે પ્રેરિત કરી રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસ પક્ષના સ્થાનિક નેતાઓ પણ શનિવારે પાર્ટીના હોદ્દા પરથી રાજીનામું આપીને આંદોલનમાં જોડાયા છે.સુજાનગઢ બિઝનેસ બોર્ડના મંત્રી જિતેન્દ્ર મિરાંકા અને કિરાણા મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ પવન મહેશ્વરીએ બંધને સમર્થન આપ્યું છે. આ ઉપરાંત નગરના ૭ વેપારી મંડળોએ પણ આ બંધને સમર્થન આપ્યું છે.

## મેહુલ ચોક્સીનું નામ ઈન્ટરપોલના 'રેડ નોટિસ' ડેટાબેસમાંથી હટ્યું, સીબીઆઈએ ચૂપ્પી સાધી

નવીદિલ્હી,તા.૨૧

પંજાબ નેશનલ બેંક સાથે ૧૩૦૦૦ કરોડ રૂપિયાનું ફ્રોડ આચરનારા વોન્ટેડ હીરા વેપારી મેહુલ ચોક્સીને ઈન્ટરપોલમાંથી મોટી રાહત મળી છે. ચોક્સીનું નામ ઈન્ટરપોલના રેડ નોટિસ ડેટાબેસમાંથી હટાવવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ લિયોનમાં હાજર એજન્સી ઈન્ટરપોલમાં દાખલ કરાયેલી અરજીના આધારે આ નિર્ણય લેવાયો છે. જો કે આ સમગ્ર ઘટનાક્રમ પર ભારતીય તપાસ એજન્સી સીબીઆઈએ ચૂપ્પી સાધી છે. હીરા વેપારીના પ્રવક્તાએ કહ્યું કે ઈન્ટરપોલ દ્વારા રેડ નોટિસ હટાવવાના નિર્ણયથી મેહુલ ચોક્સીના કિડનેપિંગના દાવાને બળ મળે છે. ભાગેડુ હીરા વેપારીએ દાવો કર્યો હતો કે ભારતીય એજન્સીઓએ તેને કિડનેપ કર્યો હતો. જો કે સરકારે તેના દ્વારા લગાવવામાં આવેલા આરોપોથી ઈન્કાર કર્યો હતો. રેડ નોટિસ ૧૯૫ સભ્ય દેશ- મજબૂત ઈન્ટરપોલ દ્વારા દુનિયાભરમાં કાનૂન પ્રવર્તન એજન્સીઓને પ્રત્યાર્પણ, આત્મસમર્પણ, કે આ પ્રકારની કોઈ કાનૂની કાર્યવાહીમાં ભાગેડુ વ્યક્તિની માહિતી મેળવવા અને અસ્થાયી રીતે ધરપકડ કરવા માટે બહાર પાડવામાં આવેલા એલર્ટનું ઉચ્ચતમ સ્વરૂપ છે.

રેડ નોટિસ દુનિયાભરની એજન્સીઓને કોઈ મામલે વોન્ટેડ વ્યક્તિની તલાશી અને તેની ધરપકડ માટે ઈન્ટરપોલ દ્વારા બહાર પાડવામાં આવનાર એલર્ટનું ઉચ્ચતમ સ્તર છે. ઈન્ટરપોલે ૨૦૧૮માં ચોક્સી વિરુદ્ધ રેડ નોટિસ બહાર પાડી હતી. જો કે તે પહેલા જ ચોક્સી ભારતથી ફરાર થઈ ગયો હતો અને જાન્યુઆરીમાં એન્ટીગુઆ અને બારમુડામાં શરણ લીધી હતી.

સૂત્રોના જણાવ્યાં મુજબ ચોક્સીએ પોતાના વિરુદ્ધ રેડ નોટિસ બહાર પાડવાની સીબીઆઈની અરજીને પડકાર્યો હતો અને આ મામલાને રાજકીય ષડયંત્રનું પરિણામ ગણાવ્યું હતું. ભાગેડુ વેપારીએ ભારતમાં જેલની સ્થિતિ, વ્યક્તિગત સુરક્ષા અને સ્વાસ્થ્ય જેવા મુદ્દાઓ ઉપર પણ સવાલ ઉઠાવ્યા હતા. સીબીઆઈએ કૌભાંડમાં ચોક્સી અને તેના ભત્રીજા નીરવ મોદી વિરુદધ અલગ અલગ આરોપપત્રા દાખલ કરેલા છે. એજન્સીએ પોતાની ચાર્જશીટમાં આરોપ લગાવ્યો હતો કે ચોક્સીએ ૭૦૮૦.૮૬ કરોડ રૂપિયાની ઠગાઈ કરી હતી. જેનાથી તે ૧૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું દેશનું સૌથી મોટું બેંકિંગ કૌભાંડ બની ગયું.

## તમિલનાડુના માર્ગો પર દુધ ફેંકી લોકો વિરોધ વ્યકત કરી રહ્યાં છે

ચેન્નાઈ,તા.૨૧

તમિલનાડુમાં કિસાનો દ્વારા દુધની ખરીદ કિમતોને વધારવાને લઈ અચોક્કસ મુદ્દતની પડતાળ કરવામાં આવી રહી છે.ડેરીની કીમતોમાં વધારાની માંગને લઈ તમિલનાડુમાં અલગ અલગ સ્થાનો પર વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યાં છે.ગત દિવસોમાં ઈરોડમાં કિસાનો દ્વારા દુધને માર્ગ પર ફેંકી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું છે.જયારે હવે મદુરૈના ઉસિલામપટ્ટીમાં ડેયરી પ્રોડકટને કિસાનોએ રોડ પર ફેંકી દીધા તેની વીડિયો સોશલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.તમિલનાડુ મિલ્ક પ્રોડ્યૂસર્સ વેલફેયર એસોસિએશને તમિલનાડુ સરકારથી માંગ કરી છે કે તમિલનાડુ સરકારની આધિન કામ કરનાર આવિન દ્વાર ખરીદવામાં આવેલ દુધની ખરીદ મૂલ્યમાં સાત રૂપિયા પ્રતિલીટરનો વધારો કરવો જોઈએ યુનિયનના અધ્યક્ષ રાજેન્દ્રને જાહેરાત કરી હતી કે જો દુધોના ખરીદ મૂલ્યોમાં વધારો કરવામાં આવશે નહીં તો અચોક્કસ મુદ્દત પર દુધની હડતાળ પાડવામાં આવશે. તેમણે જાહેરાત કરી હતી કે જો અમારી માંગોને પુરી કરવામાં આવશે નહીં તો તે આવિનની કંપનીને દુધ આપ્યા વિના હડતાળ પર ચાલ્યા જશેયુનિયન દ્વારા કરવામાં આવેલ જાહેરાત બાદ ડેરી મંત્રી નાસિરે ચેન્નાઈના મુખ્ય સચિવાલયમાં મુખ્યમંત્રી સ્ટાલિનથી વાતચીત કરી અને ચર્ચા વિચારણા કરી હતી ત્યારબાદ દુધ ઉત્પાદન સંધના પ્રતિનિધિઓથી પણ મંત્રી નાસિરે વાત કરી હતી.પરંતુ આ વાતચીતમાં કોઈ પરિણામ આવ્યું ન હતું. આવામાં તમિલનાડુમાં હવે વ્યાપક સ્તર પર વિરોધ પ્રદર્શન જોવા મળી રહ્યાં છે.દુધ ઉત્પાદકોએ આવિનથી દુધ ખરીદવાનું બંધ કરી દીધુ છે અને તે માર્ગો પર પોતાનું દુધ ફેંકી વિરોધ વ્યકત કરી રહ્યાં છે.એ યાદ રહે કે આ કારણે તમિલનાડુના અલગ અલગ ભાગોમાં દુધ ઉત્પાદકો દ્વારા કરવામાં આવી રહેલ વિરોધના કારણે દુધના પુરવઠામાં પણ અવરોધ ઉભો થઈ રહ્યો છે.

### અમૃતપાલની પરિવારનાં ખાતાંની તપાસઃ

## જ્યોર્જિયામાં આઈએસઆઈ પાસેથી હથિયાર ચલાવવાની તાલીમ લઈને આવ્યો હતો

### ૭૨ કલાક પછી અડધા પંજાબમાં ઈન્ટરનેટ સેવા ફરી શરૂ

અમૃતસર,તા.૨૧

વારિસ પંજાબ દે સંગઠનનો પ્રમુખ અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહને ચોથા દિવસે પણ પોલીસ પકડી શકી નથી. પંજાબ પોલીસે સમગ્ર રાજ્યમાં તેની શોધ કરી રહી છે. આ તરફ, અમૃતપાલના કાકાને પંજાબથી આસામના દિબ્રુગઢ સેન્ટર જેલ શિફ્ટ કરવામાં આવ્યા છે. આ દરમિયાન, પંજાબમાં આજે બપોરે ૧૨ વાગ્યા સુધી ઈન્ટરનેટ સેવા શરુ થઈ જશે. બીજી તરફ ગુપ્તચર એજન્સીઓની તપાસમાં સામે આવ્યું છે કે અમૃતપાલને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા IS' દ્વારા જ્યોર્જિયામાં હથિયાર ચલાવવાની તાલીમ આપવામાં આવી હતી. પંજાબ આવતાં પહેલાં તે દુબઈથી જ્યોર્જિયા ગયો હતો. આનંદપુર ખાલસા ફોર્સ બનાવવાની તૈયારી પણ આ તાલીમનો એક ભાગ હતો. તેને પંજાબમાં વાતાવરણ ડહોળીને દેશમાં માહોલ ખરાબ કરવાની સંપૂર્ણ તાલીમ જ્યોર્જિયામાં જ લીધી હતી.અમૃતપાલની એનઆરઆઈ પત્ની કિરણદીપ કૌર અને પરિવારની પણ તપાસ શરૂ થઈ ગઈ છે. ગુપ્તચર એજન્સીઓ અને પંજાબ પોલીસ તેમનાં બેંક એકાઉન્ટ્સ અને વ્યવહારોની તપાસ કરી રહી છે. આ સિવાય અમૃતપાલના ૫૦૦ નજીકના મિત્રોની યાદી તૈયાર કરવામાં આવી છે, જેઓ છ, ત્ર અને ઞ કેટેગરીમાં વિભાજન કરીને તપાસ કરવામાં આવી રહ્યા છે.

પંજાબ સરકારે હાઈકોર્ટને જણાવ્યું છે તે અમૃતપાલ હજી ફરાર છે. આ મામલે હાઈકોર્ટે પંજાબ સરકારની ઝાટકણી કાઢતા કહ્યું કે ૮૦ હજાર પોલીસના જવાનો શું કરી રહ્યા છે? આ મામલે પંજાબ પોલીસે કોર્ટને જણાવાયું હતું કે અમૃતપાલ સામે એનએસએ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. અમૃતપાલ સિંહ કેસની સુનાવણી કરતા પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે કહ્યું કે પંજાબ સરકારની ઈન્ટેલિજન્સ સિસ્ટમ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે. આ અંગે જસ્ટિસ એન.એસ.શેખાવતે કહ્યું હતું કે સમગ્ર ઓપરેશનનું પ્લાનિંગ હતું, તો પછી અમૃતપાલ કેવી રીતે ફરાર થઈ ગયો. તેના સિવાયુના બધા લોકોની ધરપકડ કરવામાં આવી છે. કોર્ટે કહ્યું કે અમને પોલીસની કહાની પર વિશ્વાસ આવતો નથી. અમૃતપાલે ૧૦ ફેબ્રુઆરીએ કિરણદીપ કૌર સાથે લગ્ન કર્યા હતા. જો કે તેણે તેની પત્નીનો ચહેરો કોઈને બતાવ્યો નહોતો.

વારિસ પંજાબ દે સંગઠનના વડા અને ખાલિસ્તાન સમર્થક અમૃતપાલ સિંહ ચોથા દિવસે પણ પોલીસની પકડથી બહાર છે. પંજાબ પોલીસ તેને રાજ્યભરમાં શોધી રહી છે. NIAની આઠ ટીમ પંજાબ પહોંચી છે અને આ ટીમોએ અમૃતસર, તરનતારન, જલંધર, ગુરદાસપુર, જલંધર જિલ્લામાં તપાસ શરૂ કરી છે.

આ તરફ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં અમૃતપાલ કેસમાં સુનાવણી થશે. એમાં માગ કરવામાં આવી છે કે અમૃતપાલને બળજબરીથી કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે. અમૃતપાલ કયાં છે એની જાણકારી કોઈને નથી. જોકે તેના પિતાએ આરોપ લગાવ્યા છે કે પોલીસે તેને કસ્ટડીમાં રાખ્યો છે.

એનઆઈએની ટીમ હથિયારો, વિદેશી લિંક્સ, ફંડિંગ અને આઈએસઆઈ લિંક્સની તપાસ કરી રહી છે. પંજાબ પોલીસે અમૃતપાલ સિંહના ૪૫૮ નજીકના સાથીઓની ઓળખ કરીને એનઆઈએને તેની યાદી સોંપી હતી. તેને A, B અને C કેટેગરીમાં વહેંચવામાં આવ્યા છે. છ કેટેગરીમાં ૧૪૨ લોકો એવા છે, જેઓ ૨૪ કલાક અમૃતપાલ સાથે રહેતા હતા. બી કેટેગરીમાં ૨૧૩ ફાઈનાન્સ અને સંગઠનનું કામ સંભાળનારા લોકો હતા.

જલંધર, હોશિયારપુર અને નવાશહેરની ૬ ફાઈનાન્સ કંપનીની ઓળખ કરી છે, જેમાં ગયા વર્ષે ૨૦ ઓગસ્ટથી અત્યારસુધીમાં કરોડોના વ્યવહારો થયા છે. જલંધરના બે હવાલા વેપારીઓની પણ ઓળખ કરવામાં આવી છે, જેમની શોધ ચાલુ છે. જ્યારે પંજાબ પોલીસ અને કાઉન્ટર ઈન્ટેલિજન્સ, એન્ટી ગેંગસ્ટર્સ ટાસ્કફોર્સ ૨૮ ટીમ પણ તપાસમાં લાગી ગઈ છે.




NEWS OF GANDHINAGAR_P-1

## તંત્રી સ્થાનેથી...

# જીદને કારણે સંસદનું કામ ખોરંભે

*સંસદના બજેટ સત્રના પહેલા ચરણની જેમ બીજા ચરણમાં પણ હંગામો થવો નક્કી દેખાઈ રહ્યું હતું. થયું પણ એવું જ. આ વખતે વિચિત્ર વાત એ થઈ કે વિપક્ષની સાથે સત્તાપક્ષ પણ હોબાળો કરી રહ્યો છે. રાહુલ ગાંધીએ તાજેતરમાં પોતાની બ્રિટન યાત્રા દરમ્યાન ભારતીય લોકતંત્ર મુદ્દે જે ભાંગરો વાટ્યો હતો તેને લઈને સત્તાપક્ષ તેમની પાસે માફીની માંગ કરી રહ્યો છે. સત્તાપક્ષના સદસ્યો રાહુલ ગાંધી પર હુમલા કરીને જે રીતે સદન નથી ચાલવા દેતા, તે એટલા માટે અણધાર્યું છે, કારણ કે સામાન્ય રીતે સત્તારૂઢ પક્ષ એવું નથી કરતા. સત્તાપક્ષના વલણથી એ સ્પષ્ટ છે કે તે અદાણી મામલે મોદી સરકારને ઘેરવાની કોંગ્રેસની રણનીતિના જવાબમાં રાહુલ ગાંધીને ઘેરી રહ્યા છે. નિઃસંદેહ રાહુલ ગાંધીએ લંડનમાં ભારતીય લોકતંત્ર વિશે જે કંઈ કહ્યું, તેનું સમર્થન ન કરી શકાય. તેમનું એમ કહેવું બેહદ આપત્તિજનક છે કે ભારતમાં લોકતંત્ર ખતમ થઈ ગયું છે અને છતાં અમેરિકા અને યુરોપ કશું કરતા નથી. તેનાથી એ જ ધ્વનિત થાય છે કે તેઓ ઈચ્છે છે કે અમેરિકા અને યુરોપે ભારતમાં હસ્તક્ષેપ કરવો જોઈએ. આ સાંસદ તરીકે રાહુલ દ્વારા લેવામાં આવેલ એ શપથનું ઉલ્લંઘન છે, જે અંતર્ગત દેશની એક્તા અને અખંડતા અક્ષુણ્ણ રાખવાનું વચન લેવામાં આવે છે. રાહુલનું એમ કહેવું પણ હેરાન કરનારું છે કે મોદી સરકાર અલ્પસંખ્યકોને બીજા દરજ્જાના નાગરિક માને છે. તેમના આવા વાંધાજનક નિવેદનોને કારણે ભાજપ સાંસદ નિશિકાંત દુબેએ તેમના વિરુદ્ધ વિશેષાધિકાર હનનની નોટિસ પાઠવી છે. તેમણે માંગ કરી છે કે રાહુલની સદસ્યતા રદ્દ કરી દેવામાં આવે.*

*ભાજપના અન્ય નેતાો સાથે પાર્ટી અધ્યક્ષ જે.પી. નડ્ડાએ પણ રાહુલ ગાંધી પર પોતાના રાજકીય હુમલા તેજ કરી દીધા છે. તેના જવાબમાં કોંગ્રેસ જ્યાં અદાણી મામલાની તપાસ જેપીસી દ્વારા કરાવવા જીદે ચડી છે, ત્યાં જ તે વડાપ્રધાન વિરુદ્ધ વિશેષાધિકાર હનનની નોટિસ પણ લઈને આવી ગઈ છે. એ સ્પષ્ટ છે કે વિપક્ષ અદાણી મામલાની તપાસ જેપીસી પાસે કરાવવાની માંગ પર જેમ જેમ ભાર મૂકી રહ્યો છે, તેમ તેમ સત્તાપક્ષ રાહુલની માફીની માંગ વેગવાન બનાવી રહ્યો છે. જો બંને પક્ષ પોતપોતાની માંગ પર અડગ રહેશે તો સંસદનું ચાલવું મુશ્કેલ રહેશે. અદાણી મામલાની તપાસ જેપીસી સાથે કરાવવા પર કોંગ્રેસ અને અન્ય પક્ષ ભલે ગમે તેટલું જોર લગાવે, તેની અવગણના ન કરી શકાય કે આ માંગનું ઔચિત્ય એટલા માટે ખતમ થઈ ગયું છે, કારણ કે સુપ્રીમ કોર્ટે પોતાના તરફથી આ મામલાની તપાસ માટે એક છ સભ્યોની સમિતિ રચી દીધી છે. તે ઉપરાંત સેબી પણ પોતાના સ્તરે આ મામલાની તપાસ કરી રહ્યું છે. આખરે એવામાં જેપીસી તપાસની માંગનો શો મતલબ છે? એ ધ્યાન રાખવું જોઈએ કે અત્યાર સુધી આર્થિક ગરબડોની જે પણ તપાસ જીપીસી દ્વારા થઈ છે, તેમાં તપાસના નામે પક્ષીય રાજનીતિ જ વધારે થઈ છે. એ માનવાનાં ઘણાં કારણો છે કે વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ અદાણી મામલાની તપાસ પર એટલા માટે ભાર મૂકી રહી છે, જેથી આ મુદ્દાને આગામી લોકસભા ચૂંટણી સુધી જીવિત રાખી શકાય, જેમ ગઈ ચૂંટણીમાં રાફેલ સોદાને ચગાવવામાં આવ્યો હતો. અણસાર તો એવા જ છે કે જેમ રાફેલ મુદ્દો ચગાવવા છતાં રાહુલના હાથમાં કશું નહોતું આવ્યું, એવી જ રીતે અદાણી મામલો ઉછાળવાથી પણ તેમને કંઈ હાંસલ નથી થવાનું.*

*અદાણી સમૂહને લઈને અમેરિકી રિસર્ચ ફર્મ હિંડનબર્ગનો રિપોર્ટ એ સમયે આવ્યો હતો, જ્યારે પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થઈ રહી હતી. કોંગ્રેસે આ રિપોર્ટને ખૂબ ઉછાળ્યો, પરંતુ તેને કોઈ ચૂંટણી લાભ ન મળ્યો. કોંગ્રેસ અને કેટલાક વિપક્ષી દળો વિભિન્ન નેતાઓ વિરુદ્ધ ઈડી અને સીબીઆઈની તપાસને પણ ચગાવી રહ્યા છે. તેને લઈને વિપક્ષી દળો દ્વારા ઈડી ઓફિસ સુધી જે માર્ચ કાઢવાની કોશિશ કરવામાં આવી, તેમાં તૃણમૂલ કોંગ્રેસ અને એનસીપીએ ભાગ ન લીધો. સ્પષ્ટ છે કે આ મુદ્દા પર વિપક્ષમાં એક્તા નથી. એના પહેલાં મનીષ સિસોદિયા મામલે જે પત્ર લખવામાં આવ્યો હતો, તેમાં ફક્ત આઠ પક્ષોના નેતાઓએ જ હસ્તાક્ષર કર્યા હતા.*

### હાથા ન બનવાનો સંકલ્પ

ઈંડું પહેલાં કે મરઘી ?સદીઓનો યક્ષ પ્રશ્ન છે,
હાથો પહેલાં કે કુહાડી?સદીઓનો યક્ષ પ્રશ્ન છે.
ઝાડની માવજતમાં એક યુગ જેટલો સમય જાય છે,
તેટલો સમય ઝાડ પર કુહાડી મારવામાં કયા જાય છે?
વૃક્ષ કાપીને સુકુભઠ્ઠ લાકડું બનાવવાના વાંધો નથી,
પણ બારણાંને લીલાછમ્મ લાકડામાં ફેરવી શકાય?
આદમીની સહુલિયત માટે ખુરશી બને,વાંધો નહી,
પંખીઓને માળાની જરૂરત માટે ઝાડ મળે છે ખરું?
છાપા છાપવા ઝાડ કપાય એનું કોઈને ચરચરે?
ટહુકા છાપવા ઝાડ ન મળે એનું કોઈને ચરચરે?
રોડ બનાવવા-મકાન બનાવવા ઝાડ વધેરાય,
રોડ ધુળિયો રહે,ઝાડ જીવતું રહે એવું ન થાય?
વૃક્ષોએ સંકલ્પ લેવો રહ્યા કે કુહાડી, કોદાળી ,
કરવતના હાથા બનવા માટે હાથો બનશે નહી.

ભરત વૈષ્ણવ
૨૧.૩.૨૦૨૧.
(આંતર રાષ્ટ્રુય વનદિવસની લીલેરી શુભેચ્છા!!!)

## મારા ઘરે ઈડીની ટીમ આવી અને કહ્યું સિસોદિયાના ઘરે ૨૪ કલાક બેઠા હતાં અને હવે તમારા ઘરે ૧૫ કલાક બેસીશું

*પટણા,તા.૨૧*

*બિહાર વિધાનસભામાં નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવે મોટી વાત કહી છે.તેજસ્વી યાદવે કહ્યું કે ના તો મને મુખ્યમંત્રી બનવાનો શોખ છે અને ના તો નીતીશકુમારજીને વડાપ્રધાન બનવાનો.લોકો શું કહી રહ્યાં છે તેનાથી અમને કોઈ ફર્ક પડતો નથી અમે જ્યાં છીએ ત્યાં ખુશ છે.આ સાથે જ તેજસ્વીએ સીબીઆઇ અને ઈડીના દરોડાને લઈ શાયરીની સાથે ભાજપ પર નિશાન સાધ્યું હતું.તેજસ્વી યાદવે કહ્યું કે મારા ઘરે આવી હતી ઈડીની ટીમ અને ટીમને કહ્યું હતું કે હમે લોકો મનીષ સિસોદિયાને ત્યાં તો ૧૪ કલાક બેસ્યા હતાં તમારે ત્યાં ૧૫ કલાક બેસીશું તેજસ્વી યાદવની મુખ્યમંત્રી પદ માટે તાજપોશી અને તેને લઈ જદયુ અને રાજદમાં ચાલી રહેલી ખેંચતાણની વચ્ચે તેજસ્વીએ કહ્યું હતું કે હું મુખ્યમંત્રી ન બનવા અને નીતીશકુમારના પીએમ ન બનાવી ઈચ્છાવાળા નિવેદનને લઈ રાજનીતિક ગરમી તેજ થઈ ગઈ છે.*

# મધ્યમવર્ગ કલ્યાણ મેળાનું આયોજન કરવાનો સમય પાકી ગયો છે. સરકાર માઈબાપ યોર ટાઈમ સ્ટાર્ટ અપ!!!!

આખી દુનિયામાં ઉધોગપતિઓ માટે લાલજાજમ પાથરવામાં આવે છે.સસ્તા ભાવે જમીનો, સ્ટેમ્પ ડયૂટીમાં રાહત જીએસટીમાં છૂટ, મિલકતવેરો માફ, વીજળી બીલમાં રાહત, સસ્તા વ્યાજે લોન, હપતા ચુકવવામાં મોરેટેરિયમ! આનાથી વધુ છૂટ-રાહત આપવામાં આવે છે. કંપનીઓ રોજગારી આપવાના ગ્લોસી દાવા સામે ખરબચડી ખાદી જેટલી રોજગારી આપવામાં આવતી નથી. નેનો તેનું ઉદાહરણ છે. ટુંકમાં કહીએ તો અમીર-ઉધૌગકારોના કલ્યાણ માટે ઉદ્ઘોષ્ણા કર્યા સિવાય બારે માસ મેળા યોજતા રહે છે.

ઈચ્છાનુસાર ગરીબ કલ્યાણ મેળા યોજાય છે. પણ બાપડા બિચારા મૂંગામંતર ગધેડા જેવા મધ્યમ વર્ગ માટે મધ્યમ કલ્યાણ મેળા યોજતા નથી.જેમાં તેને ૧૦ કિલો ઘઉંનો લોટ, ટૂથપેસ્ટ, નાહવા-ધોવાના સાબુ, ધી, સિંગતેલ , બેસન, તુવેરદાળ, બાસમતી ચોખા , ખાંડ, મીઠું વગેરેનું ગિફ્ટ હેમ્પર આપવામાં આવે. મોંઘવારીની કાળઝાળ લપેટોમાં શેકાતા મધ્યમવર્ગને ચંદનલેપની શીતળતા મળે!!! મધ્યમવર્ગ બાપડો વટના ગાજર ખાય છે, મદદ માટે કોઈની સામે હાથ ફેલાવી શકતો નથી!!!

આપણા દેશમાં એક જ બાબતની ચિકકાર હરીફાઈ છે. સૌને જે નથી તે થવાની ચળ - ખંજવાળ છે. તમે મારું સાચું માનશો ? મને ખબર છે કે તમે મારું માનશો નહીં! મને અવગણશો!! કેમ કે ઘરમાં પણ મારી અવગણના થાય છે, પછી તમારો શો વાંક કાઢવો? કોઈ પણ વ્યકિતને ધનવાન થવાની મહેચ્છા કે મનોકામના નથી. દરેકે દરેકને યેનકેન પ્રકારેણ ગરીબ થી ગરીબતમ પ્રગાઢ ગરીબ થવાની ગરીબૌષેણા છે!! આ બધું મેકસિકો સરહદોથી અમેરિકામાં ઘૂસવા માટે કબુતરબાજીની પ્રક્રિયા જેવું છે.

તમે મર્સિડીઝના માલિક હોવા છતાં તમારી વાર્ષિક આવક ગ્રામ મુખ્ય સચિવ મહાશય ( અરે, ના સમજયા ? આપણો તલાટી!!)

ની કૃપાદ્રષ્ટિથી રૂપિયા છ હજાર થઈ શકે છે! તમને બીપીએલ કાર્ડ મળે અને ગરીબોનું અનાજ પણ મળે. કોઈની દેન છે કે તમને અમીરીરેખાએ લઈ જાય. બીપીએલ કાર્ડની બદૌલત તમારા સંતાનો આરટીઇ હેઠળ સારી શાળાઓમાં પ્રવેશ મેળવી શકે છે!! જાદુગર કે. લાલની જેમ જ હાથની કરામત છે!! મારી વાત ખોટી લાગતી હોય તો આરટીઈના એડમિશન પછી શંકાસ્પદ પ્રવેશ બાબતે થયેલ ફરિયાદો જોઈ લેવી.

સમાજમાં થોડાક મનચલા કે ધનચક્કર શ્રીમંતોના લિસ્ટમાં આવવા મહેનત કરતા હોય છે. ફોબર્સ કે ફોર્ચ્યુન કે આવાતેવા લિસ્ટમાં આવવા આખી જીંદગીની વાટ લગાડી દે છે. અનિલ અંબાણી જેવા વધારે દેવાદાર બનવા ઉચ્ચ કક્ષાની જાગ્રૃતિ રાખી પૂરી કર્તવ્યનિષ્ઠ કોઠાસૂઝથી મોટા દેવાદાર બની અન્ય માટે પ્રેરણાસ્ત્રોત કે પિયુષ બને છે.

ગરીબના બે પ્રકાર છે. ખરેખર ગરીબ અને સરકારી ચોપડે ગરીબ( ખરેખર તે ગરીબતેતર હોય છે.)આમ, તો પારબ્ધથી ગરીબ અને પુરૂષાર્થથી ગરીબ.પહેલા પ્રકારમાં ખાસ સુધારણાને અવકાશ નથી અને બીજા પ્રકારમાં સુધારણાનો અર્થ નથી.

કેમ કે, મફતમાં માત્ર ડુંગળીનું ફોતરું મળે તો ગરીબ થવા માટે પડાપડી થાય છે.

ગરીબોની મેન્ટાલિટી તપાસો તો ખબર પડે કે આખું કોળું શાકમાં જાય છે. ગરીબ ઝૂંપડામાં રહેતો હોય. સરકાર માઈબાપને દયા આવે. અને સુવિધાયુકત આવાસનું આબંટન કરે. વરસ ન થાય ત્યાં પાછો ઝૂંપડાંમાં આવી જાય. એને પૂછીએ કે તને આપેલ મકાનમાં કેમ રહેતો નથી? નવાણુ ટકા તેનો જવાબ હોય કે મકાન ભાડે આપ્યું કે વેચી નાંખ્યું!! એકવાર ઝૂંપડાના બદલામાં મકાન મળ્યું બીજીવાર મળશે!! આ તેની ઋગણ માનસિકતા. તેને ટ્રેકટર, રીક્ષા કે હાથલારી,દુકાન આપી હોય. બીજી બાજુ તેણે મક્કમ નિર્ધાર કર્યો હોય કે દેહ પડી જાય તો પડી જાય પણ મારે સાત ભવ ગરીબ રહેવું છે.આમને તમે કેમ કરીને ગરીબીરેખાની ઉપર લાવી શકો!!

હમણા તંત્રે સફાળા જાગી મેળા યોજયા. ગરીબોને સાધનસહાયની ખેરાત થઈ. તેનો જયજયકાર કરવાના બદલે વાંકદેખા, અદેખા, અષ્ટાવક્ર ગરીબો વાંક કાઢે છે. સાધનો તકલાદી છે, કવર ખાલી છે, ચેક જૂની તારીખનો છે. કેશકર્તન કલાકારને અસ્ત્રો કે રેઝરને બદલે તલવાર આપેલ છે તેવી ફરિયાદ કરે. રાઈનો પહાડ કરે. રજનું ગંજ કરે!! હમણા એક લાભાર્થીને સાધનસહાય તરીકે હાથલારી આપી. કશીક ગફલત થઈ હશે કે શું? એ તો તંત્ર જાણે!! હાથલારીમાં ચાર પૈડાના બદલે બે પૈડા આપ્યા. માનો આભ તૂટી પડ્યું તેવી કાગારોળ કરી. કંઈ ફરિયાદ હોય તો તંત્રને કરગરવાનું હોય? છાપામાં છપાવો તો છાપાવાળા ખૂટતા બે પૈડા આપશે? જો એમ હોય તો છાપાનાળા પાસેથી ખૂટતા પૈડાં લઈ આવો? શક્ય છે કે ટેન્ડર બે પૈડાની લારીનું પડ્યું હોય. સાહેબોને લારી થોડી ચલાવવાની છે કે લારીમાં કેટલા પૈડા હોય તેની ખબર પડે.ચાર પૈડાની લારીનો ઓર્ડર આપ્યો હોય પણ કોસ્ટ કટિંગના ભાગરૂપે પેઢીએ બે પૈડાં રદ કર્યા હોય કે ગફલતમાં પૈકીંગમાં બે પૈડાં પેક કરવાનું રહી ગયું હોય. જો ખૂટતા બે પૈડાં આપવાપાત્ર હશે તો અનુકૂળતાએ મેળો યોજી બે પૈડાં દૂધે ધોઈને બાપના બોલથી આપી દઈશું!

એક જગ્યાએ ગરીબ કલ્યાણ મેળામાં સાઈકલ આપી . કેટલીક સાઈકલના પાર્ટસ જામ હતા.ટયુબમાં હવા ન હતી.ટાયર ચોંટી ગયા હતા. એમાં તો બધાએ હોહા કરી નાંખી. ભાઈ સરકારે સાઈકલ આપી તો ટાયર પંકચર રીપેર ન કરાવી શકો. પાર્ટસ જામ થઈ ગયા હોય તો ગ્રીસીંગ પોતાના ખર્ચે ન થઈ શકે. ટયુબમાં હવા ભરવા માટે રૂપિયા રોડો થાય.ગોર લગ્ન કરાવી દે પણ ઘર ચલાવી ન દે. ઘર તો વર વહુએ ચલાવવાનું હોય!! સરકાર લગ્ન કરાવી દે બાળકો પેદા ન કરાવી આપે!!!

તમે પત્નીની જનમ તારીખે કે લગ્નતિથિએ આસોપાલવમાંથી સરસ સાડી ખરીદ કરીને કે તનિષ્કમાંથી ડાયમંડ જવેલરી ખીદ કરી ,સરસ મજાના ગિફ્ટ પેપરમાં પેક કરાવી તમારી પત્નીને આંખો બંધ કરાવી હાથમાં સાડી કે જવેલરી બોકસ આપી સરપ્રાઈઝ આપવાની જદોજહત કરો છો? પરિણામ તમને ખબર છે!(તમારા અનુભવો હું શેર કરૂં છું. મુસાભાઈના વાપાણી છે!) તમારી ખરીદીમાં ખામી ન નીકળે તો તમારું નામ બદલી નાંખજો, બોસસ!!

ખરીદ કરવામાં આવેલ સાઈકલ કે લારીમાં સોનું, પ્લેટીનમ કે ડાઈમંડ લગાવેલા ન હોય. આટલી મોટી ખરીદીમાં શક્ય છે કે કવોલીટી જળવાઈ ન હોય.થોડાંક ડીફેકટિવ નીકળે એટલે હોબાળો મચાવવાનો હક્ક મળી ગયો?

તમે રીંગણા ખરીદ કરીને લાવો છો અને રીંગણા પંકચરવાળા નીકળે તો ખરાબી ભરેલો ભાગ કાપીને બીજો ભાગ ઉપયોગમાં લો છો કે બધા રીંગણા ફેંકીને શાકભાજીવાળા પર પસ્તાળ પાડો છો??

માન્યું કે લારીમાં બે પૈડાં છે , સાઈકલના ટાયરટયુબમાં હવા નથી કે જામ છે! માલસામાન લારીમાં ગોઠવવાનો છે કે પૈડા પર ? તમને સરકાર ફ્રી રેશન આપે છે તેનો સંગ્રહ કરવા ડબ્બો કે નળી સરકાર આપે છે કે જાતે ખરીદ કરો છો? એ સમયે તો ભંગારમાંથી કે સેકન્ડહેન્ડ ડબ્બો લઈ આવો છો? નાહક ચરબી કરો છો?

સરકારી વસ્તુમાં નાની મોટી ખરાબી હોઈ શકે. સરકાર માઈબાપનો ઈરાદો ખરાબ હોતો નથી.થોડુંઘણું ખામીયુકત હોયતો ચલાવતા શીખો. લગ્નમાં કેમ બધું ચલાવી લો છો?ત્યાં હંગામો કરી શકો છો ?

ગરીબકલ્યાણ મેળા ગરીબોનો જન્મસિદ્ધ હક્ક નથી કે તેને મેળવ્યા વિના જંપશો નહીં. સરકારી સહાય, મદદ, ખેરાત તાત્વિક અને સાત્વિક રીતે શુધ્ધ ખેરાત છે. ધરમની ગાય સમજો. ધરમની ગાયના દાંત ન જોવાય. આંચળ કે આઉં જોવાય. દાંત ન હોય તો ગાયના દાંતનું ડેન્ચર બનાવી ગાયને આપી દો. ગાય ઘાસ ખાતી વખતે ઉપયોગ કરશે!!! માનો કે ગાયને શિંગડું નથી કે આંચળ નથી. પદરના ખર્ચે શિંગડું લગાવી લો. આંચળ ફીટ કરાવી લો. !!!

આઝાદીના પંચોતેર વરસે અમીર કે ગરીબ કલ્યાણ મેળો કરવા પડે તે કમનસીબી છે. ગરીબ કી જોરૂ જેવા મધ્યમ વર્ગ પર કરવેરાની ધોંસ છે. મોંઘવારીની લપેટો છે. આબરૂદાર અને ખુદાર છે. ભૂખ્યો હશે તો આંસુના સ્વાદિષ્ટ અને પોષક અશ્રુકૂટથી કામ ચલાવી લેશે. પણ ભગવાન કે કોઈ સામે મદદ માટે હાથ ફેલાવશે નહીં. ખરેખર મધ્યમવર્ગ કલ્યાણ મેળાનું આયોજન કરવાનો સમય પાકી ગયો છે. સરકાર માઈબાપ યોર ટાઈમ સ્ટાર્ટ અપ!!!!

ભરત વૈષ્ણવ
૨૧.૩.૨૦૨૨.

# સોનાના વાયદામાં રૂ.૨૪૧ની નરમાઈ: ચાંદી રૂ.૧૩૬ અને ક્રૂડ તેલ રૂ.૧૩૮ તેજ

કોટન-ખાંડીના વાયદાના ભાવમાં મિશ્ર વલણ: નેચરલ ગેસ, મેન્થા તેલ ઢીલા: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯,૦૮૧ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬૦.૪૨ કરોડનું ટર્નઓવર: બુલડેક્સ વાયદામાં રૂ.૨૪ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૦૮,૨૪૯ સોદાઓમાં કુલ રૂ.૨૧,૬૬૪.૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯,૦૮૦.૫૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૨૫૬૦.૪૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૪,૫૪૦ સોદાઓમાં રૂ.૫,૯૦૪.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૫૯૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૭૦૫ અને નીચામાં રૂ.૫૯,૦૯૨ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૪૧ ઘટી રૂ.૫૯,૨૬૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૩ વધી રૂ.૪૬,૮૧૭ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ ઘટી રૂ.૫,૮૧૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૨૬૩ ઘટી રૂ.૫૯,૧૬૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી મે વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૬૯,૦૦૮ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૨૬૦ અને નીચામાં રૂ.૬૮,૫૫૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૬ વધી રૂ.૬૮,૯૭૪ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૦૭ વધી રૂ.૬૮,૯૬૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ કોન્ટ્રેક્ટ રૂ.૧૧૧ વધી રૂ.૬૮,૯૮૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૭૬૯ સોદાઓમાં રૂ.૧,૪૮૯.૩૬ કરોડના વેપાર થયા હતા. તાંબુ માર્ચ વાયદો રૂ.૭૫૬ના ભાવે ખૂલી, રૂ.૪.૯૫ વધી રૂ.૭૬૩.૩૦ જયારે એલ્યુમિનિયમ માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૦૩.૫૫ તેમ જ સીસું માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૬૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૮૦ ઘટી રૂ.૨૫૫ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની માર્ચ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૦ ઘટી રૂ.૨૦૩.૮૦ સીસુ-મિની માર્ચ કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ ઘટી રૂ.૧૮૨.૮૦ જસત-મિની માર્ચ વાયદો રૂ.૦.૬૫ ઘટી રૂ.૨૫૫.૭૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૯,૨૩૩ સોદાઓમાં રૂ.૧,૬૭૧.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૫૬૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૭૧૯ અને નીચામાં રૂ.૫,૫૬૬ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩૮ વધી રૂ.૫,૬૭૦ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની એપ્રિલ વાયદો રૂ.૧૩૮ વધી રૂ.૫,૬૭૫ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૬ના ભાવે ખૂલી, રૂ..૩૦ ઘટી રૂ.૧૮૫.૬૦ અને નેચરલ ગેસ-મિની એપ્રિલ વાયદો ૦.૯ ઘટી ૧૯૭.૧ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૪.૯૦ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૬૧,૧૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૨૮૦ અને નીચામાં રૂ.૬૧,૧૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ ઘટી રૂ.૬૧,૧૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ માર્ચ કોન્ટ્રેંકટ ૧ કિલોદીઠ રૂ.૪.૩૦ ઘટી રૂ.૯૮૯.૩૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૬૪૪.૧૦ કરોડનાં ૬,૧૨૩.૧૩૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૬૦.૮૪ કરોડનાં ૩૨૭.૭૨૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯૯૦.૨૪ કરોડનાં ૧૭,૫૨,૦૨૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૬૮૧.૧૧ કરોડનાં ૩,૬૧,૯૧,૭૫૦ એમએમબીટીયૂનાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૭૬.૪૧ કરોડનાં ૮,૬૫૬ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૭.૨૬ કરોડનાં ૧,૪૮૬ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૯૬૦.૩૦ કરોડનાં ૧૨,૬૩૦ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૨૫.૩૯ કરોડનાં ૧૨,૬૮૬ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૬.૪૮ કરોડનાં ૧,૦૫૬ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૮.૪૨ કરોડનાં ૮૪.૨૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૮૨૬.૯૮૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૪.૮૨૯ ટન, તાંબાના વાયદાઓમાં ૧૧,૯૪૫ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૫,૨૯૫ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૭૪૦ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૨,૭૦૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૩,૪૦,૦૧૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૬૦,૨૫,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૧૨,૬૭૨ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૩૭૧.૧૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૨૩.૫૩ કરોડનાં ૨૯૩ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૪૧ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ માર્ચ વાયદો ૧૬,૧૧૩ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૧૪૫ અને નીચામાં ૧૫,૯૯૪ બોલાઈ, ૧૫૧ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૫ પોઈન્ટ ઘટી ૧૬,૦૪૭ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨૫૬૦.૪૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૬૫.૧૬ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૯.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૫૨૦.૫૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૯૯૨.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૫૦.૪૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૦.૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૭.૧૦ અને નીચામાં રૂ.૧૫૦.૧૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯.૯૦ વધી રૂ.૧૭૨.૧૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫૫ ખૂલી, ઉપરમાં રૂ.૭ અને નીચામાં રૂ.૧.૫૫ રહી, અંતે રૂ.૦.૨૫ ઘટી રૂ.૬.૦૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧૦ અને નીચામાં રૂ.૨૫૨.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૧૩.૫૦ ઘટી રૂ.૩૧૦.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૦૨ અને નીચામાં રૂ.૨૫૦.૫૦ રહી, અંતે રૂ.૧૦૯.૫૦ ઘટી રૂ.૩૧૧ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૦૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૮ વધી રૂ.૧,૭૪૦.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૧૦ના ભાવે ખૂલી, રૂ.૫૯ વધી રૂ.૧,૫૯૮ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૬૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨.૬૮ વધી રૂ.૫.૦૩ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ એપ્રિલ રૂ.૫,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૯૧.૩૦ અને નીચામાં રૂ.૨૦૯ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૫.૩૦ ઘટી રૂ.૨૩૫.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૧૮૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૯૫ ખૂલી, ઉપરમાં રૂ.૭.૦૫ અને નીચામાં રૂ.૫.૧૫ રહી, અંતે રૂ.૦.૧૦ વધી રૂ.૬.૦૫ થયો હતો.

સોનું માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૮૮ અને નીચામાં રૂ.૮૯.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮.૫૦ વધી રૂ.૧૪૭ થયો હતો, જ્યારે સોનું-મિની માર્ચ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૯ અને નીચામાં રૂ.૧૧૬.૫૦ રહી, અંતે રૂ.૨૦ વધી રૂ.૧૯૬ થયો હતો. ચાંદી એપ્રિલ રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૫૫ના ભાવે ખૂલી, રૂ.૯૧ ઘટી રૂ.૧,૬૮૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૬૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૫૧૨ના ભાવે ખૂલી, રૂ.૨૮.૫૦ વધી રૂ.૧,૬૨૩ થયો હતો. તાંબુ માર્ચ રૂ.૭૫૫ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫.૯૬ ઘટી રૂ.૨.૧૦ થયો હતો.

NEWS OF GANDHINAGAR_P-2

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 0110
વિષય : સમજણ
શીર્ષક :'સમજણની સૃષ્ટિ અને મનુષ્ય'
શબ્દા : ૩૪૭
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

સમજણની શક્તિ આ સૃષ્ટિના દરેક જીવને સૃષ્ટિના સર્જકે આપી છે અને તેના અનુરૂપ વર્તન કરવાની ખાસિયત પણ આપી છે. ખુશી, આનંદ અને ભયની પરિસ્થિતિઓમાં દરેક જીવ તેને અનુરૂપ સમજણપૂર્વક પોતાનો પ્રતિભાવ આપે છે અને પોતાનું વર્તન અને વ્યવહાર નક્કી કરે છે. વિશેષકર પોતાનો દરેક વ્યવહાર પોતાની સમજણ પ્રમાણે આચરે છે અને પોતાની સાથે સંકળાયેલા બીજા સહુ માટે પણ સુખ અથવા દુઃખ અને ડર અથવા સલામતીની પરિસ્થિતિનું નિર્માણ કરે છે. આમ દરેક જીવને ઈશ્વરે સમજણની વિશિષ્ટ શક્તિ આપી છે.

મોટાભાગે પશુ, પંખી અને પ્રાણીઓ પોતાની સમજણ શક્તિનો ઉપયોગ પોતાની અને પોતાના સમૂહના બીજા બધાની શાંતિ અને સલામતી માટે કરતા હોય છે. કોઈપણ ભય કે ડરની પરિસ્થિતિમાં સૌપ્રથમ પોતાની સાથે સાથે પોતાના સમૂહને સુરક્ષિત કરવા તરફ અગ્રેસર થાય છે. તેમાં તેમના અંગત સ્વાર્થને ખાસ અવકાશ હોતો નથી અને એવી વિચારધારા પણ ધરાવતા હોતા નથી. પોતાની સમજણ શક્તિથી આખાયે સમૂહને સુરક્ષિત બનાવે છે. આ બાબતે મનુષ્ય માત્ર એક એવું સર્જન છે જે પોતાની સમજણ શક્તિનો ઉપયોગ સૌપ્રથમ પોતાના અંગત સ્વાર્થ માટે કરે છે.

સમજણની શક્તિથી મનુષ્ય પોતાનું જીવન તો મઠારે જ છે સાથે સાથે જો ચાહે તો પોતાની સાથે સંકળાયેલા બીજા અંગત લોકોનું જીવન પણ સુખમય બનાવી શકે છે. તે જ પ્રકારે એવું કહી શકાય કે મનુષ્ય એવું બુદ્ધિશાળી પ્રાણી પણ છે જે પોતે સુખી અને સુરક્ષિત રહેવા માટે પોતાની વિશિષ્ટ સમજણ અને બુદ્ધિચાતુર્યનો દુરુપયોગ કરી બીજાઓ માટે જો ચાહે તો ડર અને ભયનું વાતાવરણ અને મુશ્કેલીઓનો ઢેર ઊભો કરી શકે છે અને તેના દ્વારા પોતે વિજય અને સફળતાની મિથ્યા લાગણી અનુભવતા હોય છે.

આપણે જોઈએ છીએ કે અમુક વ્યક્તિઓ સમજણનો ભંડાર હોય છે જે હંમેશા પોતાની અને બીજાઓની સુખ-શાંતિ માટે કાર્યરત હોય છે. આવી વ્યક્તિઓ સમાજમાં દરેક જગ્યાએ માન પામે છે. અમુક વ્યક્તિઓમાં સમજણનો સદંતર અભાવ હોય છે. વિપરીત પરિસ્થિતિઓમાં તેઓ પોતાના કે બીજાના હિતમાં યોગ્ય વર્તન કરી શકતા નથી. આવી વ્યક્તિઓ સમાજમાં ધુતકારાય છે. વ્યક્તિની સમજણની સાથે જ્યારે અહમ્, રાગ, દ્વેષ અને ઈર્ષ્યા જોડાય છે ત્યારે તેની સમજણને દૂષિત કરી દે છે અને ત્યારબાદ તેનું વર્તન અને વ્યવહાર પણ સૌને શાંતિ આપનાર રહેતું નથી. આમ સમજણના સદુપયોગથી માનવીઓના મન જીતી શકાય છે અને દુરુપયોગથી વેગળા થવાય છે. કદાચ આ બાબતે મનુષ્યે સૃષ્ટિના અન્ય સર્જન પાસે ઘણું શીખવાનું છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૦ માર્ચ ૨૦૨૩

---

NOG SS No : 136
વિષય સમજણ
પ્રકાર પદ્ય
નામ હિમાંશી પંડિત નિર્મોહી
સમજ.

મને સમજમાં નથી આવતું શું થઈ રહ્યું છે દુનિયામાં,
માનવમાં માનવતા નથી રહી દુનિયામાં,
મને સમજમાં નથી આવતું શું થઈ રહ્યું છે દુનિયામાં.
વૃદ્ધાશ્રમ ખુલી રહ્યા છે દુનિયામાં,
વૃદ્ધનું આત્મસન્માન જળવાતું નથી આ દુનિયામાં,
મને સમજાતું નથી શું થઈ રહ્યું છે આ દુનિયામાં.
બળાત્કાર વધી રહ્યા છે આ દુનિયામાં,
ચોરી લૂંટફાટ થઈ રહી છે દુનિયામાં,
મને સમજમાં નથી આવતું શું થઈ રહ્યું છે આ દુનિયામાં.
મોબાઈલમાં માનવ ખોવાઈ ગયો છે દુનિયામાં,
પાડોસી ધર્મ ભુલાઈ રહ્યો છે આ દુનિયામાં,
મને સમજમાં નથી આવતું શું થઈ રહ્યું છે આ દુનિયામાં.

---

N.O.G S.S No. : 130
વિષય : સમજણ
શીર્ષક : સમજણ
શબ્દો : ૨૬૦
લેખકનું નામ - જાનકી સોની

નાનકડી નિધિને સ્કૂલના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે એક નવું ફ્રોક જોઈતું હતું તેથી તેણે મમ્મી-પપ્પાને જીદ કરીને કીધું કે આ વખતે તેને પહેરવા માટે નવું જ ફ્રોક જોઈએ છે કારણકે બધી છોકરીઓ સ્કૂલમાં નવું ફ્રોક પહેરીને આવશે અને દરેક વખતેની જેમ તે આ વખતે જૂનું ફ્રોક પહેરીને નહિ જાય. નિધિના મમ્મી-પપ્પાએ નવા ફ્રોક માટે હા પાડી હતી તેથી નિધિ તો ખૂબ જ ખુશ હતી.

થોડા જ દિવસોમાં નિધિના પપ્પા બીમાર પડ્યાં અને તેમની બીમારી થોડી લાંબી ચાલી તેથી નિધિના મમ્મીએ ઘરમાં જેટલી રોકડ હતી તે દવા અને રિપોર્ટ્સમાં વાપરી નાખી તે છતાં પણ હજુ નવા નવા ખર્ચા ઉમેરાતાં જતાં હતા. નિધિની મમ્મીએ તેના પપ્પાને કીધું કે હવે તો ઘરમાં કોઈ જ રોકડ બચી નથી અને બીજા બધા રૂપિયાની વ્યવસ્થા થતાં થોડોક સમય લાગશે અને હજુ સુધી તેમણે નિધિ માટે રાખેલા નવા ફ્રોકના રૂપિયા પણ અલગથી મૂકી રાખ્યા છે અને તેને ઉપયોગમાં લીધા નથી. નિધિએ આ વાત રમતા રમતા અધકચરી સાંભળી પરંતુ તેને વધારે ખ્યાલ આવ્યો નહિ.

અચાનક જ નિધિના પપ્પાની તબિયત વધારે ખરાબ થઈ જતાં તેમના માટે દવા લાવવામાં થોડાક રૂપિયા ખૂટયા તેથી નિધિની મમ્મીએ કહ્યું કે તેઓ નિધિ માટેના ફ્રોક માટે રાખેલા રૂપિયા અત્યારે ઉપયોગમાં લેવા માંગે છે પરંતુ નિધિના પપ્પાએ કહ્યું કે ના તેઓ નિધિની ઈચ્છાને પૂરી કરવા માગે છે અને પોતે થોડુંક સહન કરી લેશે પરંતુ નિધિને ખુશ જોવા માંગે છે. આ બધું જોયા અને સાંભળ્યા પછી નિધિ બોલી કે મમ્મી હું મારું બીજું ફ્રોક પહેરી લઈશ મારે નવું ફ્રોક નથી લેવું અને આ સાંભળ્યા પછી નિધિના મમ્મી-પપ્પાની આંખમાં આંસુ આવી ગયા કે પોતાની નાનકડી દીકરી જાણે અચાનક જ ખૂબ મોટી અને સમજણી થઈ ગઈ છે.

---

NOG SS NO - 0050
વિષય - સમજણ
શીષૅક -
સંખ્યા -
લેખકનું નામ - રાગીની શુક્લ "રાગ"
તા - ૨૧/૩/૨૦૨૩ .

.....................................

સંબંધ એક સમજણ જેવું છે..?
હૃદયનાં ધબકારા સમજવા સ્વની જરૂર લાગે છે ને..!
રચના પૂર્ણ કરવાં તમની જરૂર લાગે છે...!
એ વાત સમજાઈ જશે..!
કિસ્મતમાં નથી એ વાત...! આ કાગળ પર લખાઈ ગઈ..!
હસવુંને રડવું બંને સાથે રહી ના શકે ..?
ક્યાં જવું ખબર નથી..!
ક્યાંય એ રસ્તો મળી જાય..! તમારાં તરફ જવા માટે કાગળોની તકતી પર ,
લખી લીધી છે દિલની વેદનાં...!
સમજણથી એ કાગળો સુધી પહોંચાડવા દો...!
હારીને ઝેર પીનારને બચાવવા દોડી જાય...!
જીવવા ઈચ્છનારને જવા દેતી નથી..!
છતાં પણ કંઈક ખૂટે છે મારી કલમથી..!
કેવી રીતે ઉતારવું જિંદગીનો નશો..!
જિંદગીને સમજવી સમજણથી અઘરી છે..!
અફસોસ તારા સુધી પહોંચતો નથી..!
દુનિયા આને જ કહેવાય...!
એ શા માટે કોઈ સમજવા તૈયાર નથી ...!
દુનિયાની ભીડમાં ખોવાઈ ગઈ છું...!
તમન્નાઓના ટોળામાં આજ...!
સપનાંઓના ને સ્વાર્થી સંબંધની કતારમાં...!
બાહ્ય સૌંદર્યની ઝાક ઝમાળમાં લાગણીનાં બજારમાં..!
શાન શૌકતમાં મારી જાતને જ શોધું છું...!
મારામાંથી હું પણું મિટાવી...!
હું મને મળી ગઈ હવે તો...! જાણે વસંતને નવાં પાનનો સંગ મળી ગયો ..!
લગાવેલી લગની છૂટે ક્યાંથી...?
જરાક સમજણને સમજી જુઓને..!
સાચાં સંબંધીથી હૈયું ઘાયલ થઈ જાય છે...!
સમયનાં વાણાં ને ફેરફાર થાય...!
હોય પારકાએ પોતાનાં થઈ જાય...!
કંઈક સમજણ બહારનું સમજાય તો સમજાવજો...!. આપણે આપણો અંધકાર દૂર કરીએ ..!
જીવવાની સાચી સમજણ પ્રાપ્ત કરીને...!
સાચાં સમજણનું પહેરણ પહેરીને સમજણ આપીએ...!

---

NOG.SS.No.0098
વિષયઃ- સમજણ
શબ્દોઃ-
નામઃ- લીના શર્મા (હાલોલ)

મિત્રો સમજણ ઉંમર પ્રમાણે વધે છે કે ઘટે છે એવું નથી અમુક વ્યક્તિમાં સમજણ વધારે હોય છે તો અમુક વ્યક્તિમાં સમજણ બહુ ઓછી હોય છે અમુક વ્યક્તિમાં તો હોતી જ નથી અને અમુક વ્યક્તિમાં હોય છે તો પણ સમજીને પણ માણસ સમજતો નથી.

જેમ કે ચા ના પ્રેમીઓને ચાથી શું નુકસાન થાય છે બધું સમજણ હોય છે છતાં એ ચા પીવાની છોડી શકતા નથી

વ્યસન જેટલા પણ હોય જે વ્યાસ ના શિકાર હોય છે એને બધું ખબર હોય છે છતાં એ વ્યસ્ત નથી મુક્ત થતા નથી સિગારેટ પીવાથી કેન્સર થાય છે સરકાર ચેતવે છે ટીવીમાં એડવર્ટાઈઝ આવે છે છતાં સિગરેટ પ્રેમીઓ સિગરેટ મસ્તીથી પીવે છે દારૂ હોય કે ગુટકા સમજણ હોવા છતાં પણ એના શરીર માટે હાનિકારક છે તોપણ એ મસ્તીથી સેવન કરે છે.

યોગ કસરત થી શરીર તંદુરુસ્ત બને છે અનેક બીમારીઓનું નિવારણ થાય છે સમજણ હોવા છતાં પણ માણસ ગંભીર નથી.

મિત્રોને કે બીજા સગા સંબંધીઓને રાય આપવી હોય તો રાયચંદ બધા બની જાય છે કલાક કલાક એના વિશે જ્ઞાન આપે છે પણ આટલી સમજણ હોવા છતાં પોતાને પ્રત્યે કેમ ગંભીર નથી? સમજણ છે છતાં સમજાતું નથી......

## પ્રાર્થનાની શક્તિ/ આલેખન :ખ્યાતિ જીગર દેસાઈ




' પ્રાર્થના' શબ્દ સાંભળતાં જ આપણાં હાથ આપોઆપ જોડાઈ જાય છે અને મન ઈચ્છિત દૈવીય શક્તિની સ્તુતિમાં સંકળાઈ જાય છે. પ્રાર્થનામાં ભાવ અગત્યનો છે , શબ્દો ગૌણ છે તો એવું કહી શકાય કે "ઈશ્વરનાં સામીપ્ય માટેનો સેતુ એટલે પ્રાર્થના." જેમાં આપણી લાગણી, માંગણી અને અંતરની સરવાણી સંકળાયેલી હોય છે.

પ્રાર્થના કરવાનો આશય શું? એનો જવાબ કંઈક આ રીતે આપી શકાય કે, આપણી સાથે કોઈક છે, આપણને જરૂરિયાતના સમયે મદદ કરનાર અમોઘ શક્તિ છે, જેને આપણે યાદ કરવાની છે. આપણાં પર એણે વરસાવેલ પ્રેમનો આભાર વ્યક્ત કરવાનો છે. એ શક્તિ આપણી માંગણીને પૂર્ણ કરશે.. એ ભાવ આપણને આત્મવિશ્વાસ આપીને દૃઢ અને મજબૂત બનાવે છે. મનમાં આશા ઉત્પન્ન કરે છે કે, અણીને સમયે મારું કામ પાર પડી જશે. હા ,પ્રાર્થનામાં લાગણી પણ હોય છે જે પ્રાર્થના કરતી વખતે અશ્રુ બની છલકાઈ પડે છે. જો આવુ બને તો સમજવું કે, તમારી પ્રાર્થના એ દૈવી શક્તિને પહોંચી ગઈ છે.આપણા સામાજિક ઢાંચામાં સવારે પથારીમાંથી ઊઠતાં જ હથેળી જોઈ 'કરાગ્રે વસતે લક્ષ્મી'..હોય.. કે નિત્યક્રમ પછી થતી ઈશ્વરની આરાધના અને પ્રાર્થના, એમાં કંઈક એવો જ ભાવ વ્યક્ત થતો હોય છે કે 'આજનો દિવસ મારો સફળ અને સરસ જાય . ઈશ્વર તને જે ગમે તે તું મને આપજે .' વ્યક્તિગત પ્રાર્થનાની સાથે સામૂહિક પ્રાર્થનાનો મહિમા છે જ. કોઈ આપત્તિ, દુર્ઘટના કે પછી શ્રદ્ધાંજલિ સમયે સામૂહિક પ્રાર્થના કરી શાંતિ માટેનો પ્રયાસ થતો હોય છે. શુદ્ધ અને સાત્વિક ભાવથી કરેલી પ્રાર્થનાથી શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત થાય છે. નરસિંહ મહેતા દ્વારા થયેલી પ્રાર્થનાનાં ફળરૂપે, એમની દીકરી કુંવરબાઈનાં મામેરાથી લઈ એમના જીવનમાં આવેલી તમામ સારી નરસી પરિસ્થિતિમાં ઈશ્વરે એમને મદદ કરી હતી . દ્રૌપદી દ્વારા થયેલી પ્રાર્થના જગજાહેર છે અને એનું પરિણામ પણ.

વર્ષો પૂર્વેનો એક નાનકડો પ્રસંગ યાદ આવે છે. દુકાળની પરિસ્થિતિ વખતે એક ગામનાં તમામ લોકો મંદિરમાં પ્રાર્થના કરવા એકત્રિત થયેલાં , ત્યારે એક નાનકડી બાળકી છત્રી લઈને આવેલી. એને એ અંગેની પૃચ્છાનો ઉત્તમ ઉત્તર મળ્યો હતો. ઉપસ્થિત બધાં જ ઈશ્વરની પ્રાર્થના કરશે અને જો વરસાદ આવશે તો છત્રી કામ લાગશે ને?

કેટલો બધો પોતાની પ્રાર્થનાની શક્તિ ઉપર વિશ્વાસ! બાળકને શાળાની અંદર પ્રાર્થના કરાવવામાં આવે છે. ઘણીવાર એવું બને કે એને શબ્દો નથી આવડતાં પણ એનો લય ચોક્કસ ખબર હોય છે. બાળક એ થકી જ સાચાં હૃદયથી ઈશ્વરની સ્તુતિ કરે છે.

આપણાં ચલચિત્રોએ પણ પ્રાર્થનાને આગવું મહત્વ આપ્યું છે. યુદ્ધનાં મોરચે પોતાના પતિની સુરક્ષા માટે ગવાયેલી પ્રાર્થના 'અલ્લાહ તેરો નામ .. કે પછી વરસાદની આજીજીની પ્રાર્થના 'ઓ પાલનહારે' લોકમાનસ પર અંકિત થયેલી છે. 'જીવન અંજલિ થાજો, મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મા શારદા તું આવ મારા જીવનમાં ... વગેરે અનેક પ્રાર્થનાઓ આપણાં રોજિંદા જીવનમાં સ્થાન પામી છે. મહાત્મા ગાંધી પણ પ્રાર્થનાના હિમાયતી હતા. દીવાની જ્યોતમાં આપણે ઈશ્વરની ઉપસ્થિતિને સ્વીકારીએ છીએ,એટલે જ સારા પ્રસંગે કે સ્ટેજ પરફોર્મન્સ વખતે 'શુભમ કરોતિ કલ્યાણમ' જેવી પ્રાર્થના દ્વારા કાર્યક્રમનો શુભારંભ થતો હોય છે.

પ્રાર્થના કરવાથી વ્યક્તિમાં 'પોઝિટિવ ઍટિટ્યૂડ' કેળવાય છે. હકારાત્મક વિચારબીજ એને આદર્શ જીવન જીવવા તરફ પ્રેરે છે.

પ્રાર્થનાએ આત્માનો ખોરાક છે. કોઈને મદદ કરવાના આશયથી એની આવશ્યકતાને જો આપણી પ્રાર્થનામાં સાંકળી શકાય તો એ સદ્ભાવ છે. આપણી પ્રાર્થના ઈશ્વરને પહોંચે અને આપણને ધાર્યું પરિણામ મળે તો 'હરિકૃપા 'અને જો ન થાય તો 'હરિઈચ્છા'... આ વાત સાથે હું વિરમું છું.

અસ્તુ.

આલેખન :ખ્યાતિ જીગર દેસાઈ (અમદાવાદ )

# ચૈત્રી ચંડ ૧૦૭૩ મુ જન્મોત્સવ

આખા વિશ્વમાં સિન્ધી સમાજ તા? ૨૩/૩/૨૩ ગુરુવારે ઈસ્ટ દેવ ઝુલેલાલ સાંઈ નું જન્મોત્સવ સિન્ધી દિવસ નૂતન વર્ષ મનાવશે રાજકોટ શહેર મા પણ અલગ અલગ જગ્યાએ મહાપ્રસાદ શોભાયાત્રા બાઈક રેલી ને જાહેર પ્રસાદ વિતરણ થશે રોનક ગ્રુપ દ્વારા ૧૦૭૩ મુ ચેટી? ચંડ્ર? (બીજ) જન્મોત્સવ મહા આરતી ૯:૩૦ શોભાયાત્રા બપોરે ૪:૦૦ મહાપ્રસાદ રાત્રે ૯:૦૦ શોભાયાત્રા નું રૂટ પરસાણા◦૧ થી ૯ -ઝુલેલાલ મંદિર -જંકશન કો ઓ સોસાયટી સિન્ધી સાહિત્ય ધર્મશાલા? પોપટપરા ( નાલુ?)- હંસરાજ નગર થી પરસાણા - ૧ સિન્ધી સમાજ ને જાહેર આમંત્રણ

શ્રી હરમંદિર? ટ્રસ્ટ સિન્ધી યુવા સેના દ્વારા આ? વર્ષ પણ ભવ્ય શોભાયાત્રા નીકળશે બપોરે ૩:૩૦ હરમંદિર થી કોઠારીયા નાકા ગુર્જરી બજાર નવા નાકા કંદોઈ બજાર દાણા પીઠ કોર્ટ ચોક નાગરિક બેંક જયુબિલી ચોક સદર? બજાર ફુલછાબ ચોક મોટી ટાંકી ત્રીકોણ બાગ સાંગણવા ચોક રાજશ્રી સિનેમા થી હરમંદિર રામનાથપરા પુર્ણ હતી,,,

ઉપરાંત ઠેકઠેકાણે શોભાયાત્રા નું સ્વાગત થશે અને પ્રસાદ વિતરણ કરવામાં આવશે

ઝુલેશ્વર સેવા મંડળ સિન્ધી સમાજ સેવા સમિતિ દ્વારા ઈસ્ટ દેવ ઝુલેલાલ સાંઈ ની ૧૮ ફુટ ની પ્રતિમા ના દર્શન સાંજે ૭: કલાકે સંગીત સંધ્યા બેબી કશીશ? મ્યુઝિકલ પાર્ટીનો ઉપરાંત રાત્રે મહાપ્રસાદ રાખેલ છે હાજરી આપશો બાઈક રેલી નું સ્વાગત થશે

સ્થળ જંકશન પ્લોટ મેન રોડ ગાયકવાડી ૫ રાજકોટ જય ઝુલેલાલ શ્રી ગુરુ નાનક સિન્ધી સેવા મંડળ દ્વારા સવારે ૧૦ વાગ્યે મ્યુઝિકલ પાર્ટીનો ઉપરાંત બપોરે મહાપ્રસાદ રાખેલ છે હાજરી આપશો સ્થળ મારુતિ હોલ? ૮૦ ફુટ રોડ ગાંધી ગ્રામ? રાજકોટ

શ્રી તારણહાર દરબાર સાહેબ દ્વારા ઈસ્ટ દેવ ઝુલેલાલ નૂતન વર્ષ મનાવશે મ્યુઝિકલ પાર્ટી અને મહાપ્રસાદ રાખેલ છે સિન્ધી સમાજ હાજરી આપશો

સ્થળ તારણહાર દરબાર પારસ હોલ પારસ સોસાયટી રાજકોટ " જય ઝૂલેલાલ " શિવ ગૃપ દ્વારા દર વર્ષે અમારા ઈષ્ટ દેવ ભગવાન શ્રી જુલેલાલ સાંઈ નો જન્મોત્સવ આખા વિશ્વભર માં સમગ્ર સિંધી સમાજ દ્વારા ઉજવવામાં આવેછે.આ વર્ષે પણ રાજકોટ સિંધી સમાજના યુવા ધન એવા શિવ ગૃપ દ્વારા ચેટી ચાંદ મહોત્સવ ની ધામધૂમતથા હર્ષોઉલ્લાસથી ઉજવણી કરવામાં આવશે. સમગ્ર સિંધી સમાજ ને લાભ લેવા વિનંતી

શ્રી જુલેલાલ ભગવાન ની ભવ્ય ઝાંખી દર્શન,ડી.જે. પંજડા, છેજ મસ્તી ધમાલ પ્રસાદ વિતરણ સાથે સિંધી સમાજ ની બાઈક રેલી નુ ભવ્ય સ્વાગત તા.૨૩-૩-૨૦૨૩,ગુરૂવાર,સમયઃ સવારે ૮ થી ૪ સ્થળ: શિવ ચોક,સિંધી કોલોનીદર વર્ષે અમારા ઈષ્ટ દેવ ભગવાન શ્રી જુલેલાલ સાંઈ નો જન્મોત્સવ આખા વિશ્વભર માં સમગ્ર સિંધી સમાજ દ્વારા ઉજવવામાં આવેછે.આ વર્ષે પણ રાજકોટ સિંધી સમાજના યુવા ધન એવા શિવ ગૃપ દ્વારા ચેટી ચાંદ મહોત્સવ ની ધામધૂમતથા હર્ષોઉલ્લાસથી ઉજવણી કરવામાં આવશે. સમગ્ર સિંધી સમાજ ને લાભ લેવા વિનંતી.

ઝુલેલાલ તને પ્રેમના રંગોમાં રંગવા આવ્યા છે, તારા દ્વારે ચાહકો આવ્યા છે. શ્રી જુલેલાલ ભગવાન ની ભવ્ય ઝાંખી દર્શન,ડી.જે. પંજડા, છેજ મસ્તી ધમાલ પ્રસાદ વિતરણ સાથે સિંધી સમાજ ની બાઈક રેલી નુ ભવ્ય સ્વાગત

જય જુલેલાલ. આર્યલેન્ડ રેસીડેન્સી જીવરાજ પાર્ક પાસે જુલેલાલ ભગવાન ૧૦૭૩ મુ જન્મોત્સવ ઉજવી રહ્યા છે સાંજે ૫ થી ૭ સેસા સુખો પ્રસાદ જાહેર વિતરણ કરવામાં આવશે લાભ લેશો જય ઝુલેલાલ સંત કંવરરામ મંડળ બાબા બાલકરામ? સાહિબ?

દ્વારા ઈસ્ટ દેવ ઝુલેલાલ સાંઈ નું જન્મોત્સવ સાંજે ૭ કલાકે સંગીત સંધ્યા આરતી પલવ ગીત સંગીત ને મહાપ્રસાદ રાખેલ છે

સ્થળ ઝુલેલાલ મંદિર દૂધ? ની? ડેરી રાજકોટજય જૂલેલાલ રાસ લીલા આયોજિત બાઈક રેલી રૂટ

સ્વામી ટહેલીયારામ મંદિર થી પ્રસ્થાન ૯:૩૦ વાગ્યે ત્યા થી ગુરૂજો ધર - જકશન પોલીસ ચોકી થઈ દેવી હોલ થઈસહિતી

ધર્મ શાળા - થઈ લીલા શાહ ધર્મ શાળાપરસાના ૧ થી પરસાના નગર ૬ થઈ

જુલેલાલ મંદિર થઈ ★સુનીલ જનરલ સ્ટોર ચોક થી ★કોહીસ્તાંન વાળી - થઈ ★જામનગર રોડ ★રૂડા બિલ્ડિંગ થઈ ★રીંગ રોડ ★કિશન પરા ચોક ★ફુલ છાબ ચોક ★ધરમ સિનેમા ★કોલસા વાળી ચોક થી ૫ જંકશન પ્રસાદ સાથે લઈ પુર્ણાહુતી

ચૈત્રી ચંડ? ઈસ્ટ દેવ ઝુલેલાલ સાંઈ નું જન્મોત્સવ સંત કંવરરામ ( S, K ) ચોક ગાંધી ગ્રામ? સવારે ૧૦ વાગ્યે જાહેર પ્રસાદ વિતરણ કરવામાં આવશે લાભ લેશો

શ્રી હર મંદિર સાહેબ રામનાથપરા રાજકોટ સવારે ૧૦:૦૦ કલાકે સવારે ૧૦:૩૦ કલાકે ભજનકીર્તન બપોરે ૩:૩૦ કલાકે શોભાયાત્રા રાત્રે ૯:૦૦ કલાકે ભેરાણા સાહેબ વિસર્જન

શ્રી નવાનાકા? સિન્ધી માર્કેટ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ મ્યુઝિકલ પાર્ટી બપોરે ૧ કલાકે મહાપ્રસાદ રાખેલ છે સિન્ધી સમાજ ને જાહેર આમંત્રણ જૂલેલાલ મંદિર સિંધી કોલોનીપ્રભાતફેરીઃ સવારે ૫:૦૦ કલાકેજયોત પ્રાગટય : સવારે ૯:૩૦ કલાકે ભેરાણા સાહેબ દર્શન ૧૦:૩૦ કલાકે સરપ્રાઈઝ પ્રસાદી રાત્રે ૭:૦૦ કલાકે જયોત વિસર્જન રાત્રે ૧૧:૦૦ કલાકે

સિન્ધી યુવા ગ્રુપ દ્વારા ભાટીયા બોડીગ માં સાંજે ૭ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમો ચિલ્ડ્રન ઝોન? આને મ્યુઝિકલ પાર્ટી રાત્રો મહાપ્રસાદ રાખેલ છે સિન્ધી સમાજ ને જાહેર આમંત્રણ આપવામાં આવે છે

રેલનગર સિન્ધી સમાજ? દ્વારા ૧૦૭૩ મુ ચેટી? ચંડ્ર? તારીખ ૨૩/૩/૨૩ ગુરુવારે સવારે ૯?: કલાકે આરતી

સવારે ૧૦: શોભાયાત્રા D, J ના તાલે આયોલાલ ઝુલેલાલ નારા સાથે નીકળશે રૂટ

આસ્થા ચોક? થી ક્રિષ્ના પાર્ક જય અંબે એપાર્ટમેન્ટ સાધુ વાસવાણી કુજ રોડ સન રાઈજ? સ્કુલ છત્રપતિ શિવાજી દયાનંદ સરસ્વતી વીર સાવરકર પેટ્રોલ પંપ પાણી નો ટાંકો રેલનગર મેન રોડ થઈ ને આસ્થા ચોક? બપોરે ૧: કલાકે મહાપ્રસાદ રાખેલ થી છે હાજરી આપશો ઉપરાંત ઠેકઠેકાણે શોભાયાત્રા નું સુસ્વાગત? થશે જય ઝુલેલાલ સૌ લાભ લેશો

પપપપપ.ચેટિચંડ જી લખ લખવાધાયુ વાધાયુ વાધાયુ......

કોન્ટેક્ટ પરષોત્તમ ભાઈ પમનાણી: ૯૧ ૯૩૨૮૨ ૩૧૨૪૭

## અમારી સરકાર આવશે તો ૫૦૦ રૂપિયામાં સિલેન્ડર,મહિલાઓને દર મહીને ૧૫૦૦ રૂપિયા અપાશે : કોંગ્રેસ

*ભોપાલ,તા.૨૧*

*વિધાનસભા ચુંટણી પહેલા મધ્યપ્રદેશની જનતા માટે તમામ રાજનીતિક પક્ષો તરફથી ભેટ અને વચનોનો વરસાદ થવા લાગ્યો છે.એક તરફથી જયાં ભાજપની સરકાર દરેક વર્ગના કલ્યાણનો દાવો કરતા અનેક રીતને ભોટ અને અનેક રીતની યોજનાઓ શરૂ કરવાનું વચન આપી રહ્યાં છે તો કોંગ્રેસ પણ સત્તામાં આવવા પર ભેટ આપવાનું ભેટ કરવામાં પાછળ રહી નથી જયાં રાજયની શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વવાળી સરકારે મહિલાઓને દર મહીને એક હજાર રૂપિયા આપવા માટે લાડલી બહના યોજનાની જાહેરાત કરી છે. જયારે કોંગ્રેસે પણ મધ્યપ્રદેશની જનતાને વચનોની વાત કરી છે અને તેને નિભાવવાની પણ વાત કહી છે.*

NEWS OF GANDHINAGAR_P-3



રીઝન ચેરપર્શન લાયન સંજયભાઈ પટેલ ના કુશળ નેતૃત્વના સાનિધ્યમાં યોજાઈ કોન્ફરન્સ નામે સાનિધ્ય..



તા.૨૦-૩-૨૦૨૩ લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ જોધપુર હીલ,સીટી લીંક,બ્રિલિયન્સ પરિવાર, ગોપાલક સંસ્કાર મહેક ગ્રુપ,નવકાર મહેક ગ્રુપ તથા ગાયત્રી પરિવાર નારણપુરાના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન મહાવીર ગોપાલ મહેક સેવા સંકુલ,એચ.બી.કાપડિયા સ્કૂલસામે,પ્રેરણાતીર્થ દેરાસર રોડ,જોધપુર ખાતે ઉપસ્થિત આમંત્રિત મહેમાનો ધારાસભ્ય શ્રીઅમિતભાઈઠાકર, અ.મ્યુ.કોર્પોરેશના પૂર્વ મેયર મીનાક્ષીબેન પટેલ,સ્થાનિક કોર્પોરેટરશ્રીઓના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરીને સવારે ૯-૦૦ થી બપોરે ૧-૦૦ દરમ્યાન યોજાયું હતું જેમા વિવિધ રોગોના નિષ્ણાંત ડોક્ટરો દ્વારા ડાયાબીટીસ,બ્લડ પ્રેશર, ઓર્થોપેડીક,એક્યુપ્રેશર, આંખોની તપાસ,તથા મહિલાઓને લગતા રોગોનું નિઃશુલ્ક ચેકઅપ કરી જરૂર લાગે તેઓને દવાઓ પણ વિના મુલ્યે આપવામાં આવી હતી જેનો ખૂબજ મોટી સંખ્યામાં સ્થાનિક લોકોએ લાભ લીધો હતો તેમજ નિઃશુલ્ક પક્ષીઓને પાણી પીવાના કુંડાનું અને છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું

## મારા સામે દેશદ્રોહ નહીં પણ રાજદ્રોહ હતો અમારી દેશભક્તિ કોંગ્રેસને ક્યાંથી ખબર હોય: હાર્દિક પટેલ

ગાંધીનગર,૨૧

૨૦૧૫માં પાટીદાર આંદોલન કરીને અનામતની માંગ કરનારા હાર્દિક પટેલ કોંગ્રેસમાં જોડાયા બાદ ભાજપમાં જોડાયા હતાં અને હવે ધારાસભ્ય બની ગયાં છે. ૨૦૧૫માં ગુજરાતની શાંતિ અને સલામતિને ડહોળનાર આ હાર્દિક પટેલે આજે વિધાનસભામાં રાજયના ગૃહ વિભાગની કામગીરીની પ્રશંસા કરી છે. હાર્દિક પટેલે વિધાનસભા ગૃહમાં કહ્યું હતું કે, ૨૨ વર્ષ પહેલાં ગુજરાતની સ્થિતિ કેવી હતી. આજે આનંદ થાય છે કે ભાજપ સરકાર છેલ્લા પાંચ વર્ષમાં મજબૂતીથી આગળ વધી છે અને ગુજરાતને ટેકનોલોજીમાં ખૂબજ આગળ વધાર્યું છે. હાર્દિક પટેલે ગૃહ વિભાગની પ્રશંસા કર્યા બાદ કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાએ રાજ્યની પોલીસને અભિનંદન આપ્યા હતાં. તેમણે કટાક્ષ કરતાં કહ્યું હતું કે, જે લોકોને રાજદ્રોહની કલમ લાગે છે તે આજે દેશભક્તિની વાતો કરે છે. તેમને હાર્દિકે જવાબ આપ્યો હતો કે, મારા વિરૂદ્ધ દેશદ્રોહ નહીં પણ રાજદ્રોહ હતો અમારી દેશભક્તિ કોંગ્રેસને ક્યાંથી ખબર હોય. અમે સરદારના વંશજ છીએ જે કોંગ્રેસ સરદારને ગણતી નથી.

## પુર્ણેશ મોદીના કેસમાં ૨૩ માર્ચે રાહુલ ગાંધી સુરત કોર્ટમાં હાજર રહેશે

સુરત,તા.૨૧

ભાજપના ધારાસભ્ય અને પુર્વ મંત્રી પુર્ણેશ મોદીએ કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પર માનહાનિનો કેસ નોંધાવ્યો છે. કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ મોદી અટક પર કરેલી ટિપ્પણી બાબતે સુરત ખાતે કેસ નોંધાવ્યો છે જેમા સુરત શહેરની કોર્ટમાં આગામી ૨૩ માર્ચના રોજ નિર્ણય કરવામાં આવશે. આ દરમ્યાન રાહુલ ગાંધી કોર્ટમાં હાજર રહેશે. જેમાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પ્રચાર દરમ્યાન રાહુલ ગાંધીએ કર્ણાટકમાં તેમના ભાષણમાં કહ્યુ હતુ કે, 'બધા ચોરની અટક મોદી કેમ હોય છે?' જેથી મોદી અટક વિશે આવુ નિવેદન કરવાના કારણે કેસ નોંધવામાં આવ્યો હતો. કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ અને સાંસદ રાહુલ ગાંધીએ મોદી અટક પર કરેલી ટિપ્પણી મામલે પુર્વ મંત્રી પુર્ણેશ મોદીએ સુરત ખાતે માનહાનિનો કેસ નોંધાવ્યો છે જેમા સુરત શહેરની કોર્ટમાં આગામી ૨૩ માર્ચના રોજ નિર્ણય કરશે. વાત એવી છે કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી દરમ્યાન રાહુલ ગાંધીએ કર્ણાટકમાં તેમના ભાષણમાં કહ્યુ હતુ કે, 'બધા ચોરની અટક મોદી કેમ હોય છે?'

રાહુલ ગાંધીના આવા નિવેદનથી સમગ્ર મોદી સમાજની ગરીમાને ઠેસ પહોચી છે. જેથી સુરત શહેરના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એચ.એચ વર્માની કોર્ટમાં લાંબા સમયથી સુનાવણી ચાલી રહી છે. અને ગત શુક્રવારે આ મામલે છેલ્લી સુનાવણી બાદ કોર્ટે સંભવિત નિર્ણય માટે ૨૩ માર્ચની તારીખ નક્કી કરવામાં આવી છે.

# જલને જાણે ફૂલ ફૂટિયાં, જલને આવ્યાં પાન, જલને આવ્યું જોબન, એનો ઊઘડ્યો અઢળક વાન...

આપણે સૌ નાના હતા ત્યારે ભણવામાં આવતું કે પૃથ્વી ઉપર ૭૨ ટકા પાણી છે ને ૨૮ ટકા જમીન છે. તો જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ ખબર પડતી ગઈ કે પીવા લાયક શુધ્ધ પાણી માત્ર ૩ ટકા જ છે. તમે ઘણા લોકોને એવું કહેતા સાંભળ્યા હશે કે,'જળ એ જ જીવન છે. માનવ અને પ્રાણીઓ માટે પાણી ખૂબ જ મહત્વપૂર્ણ છે.ખેતી કરવી, ઘરના કામકાજ કરવા, નાહવા, પીવા વગેરે.આ તમામ કામો માટે પાણી ખૂબ જ જરૂરી છે.અને એમાં પાણી જ ન હોત તો ?શું થાત.જો આપણે ભારતની વાત કરીએ તો આવા ઘણા શહેરો છે જ્યાં ઉનાળામાં પાણીની ઘણી અછત હોય છે.જ્યારે આગામી સમયમાં આ શહેરો માટે પણ ઘણું જોખમ છે.એટલું જ નહીં સમગ્ર વિશ્વ માટે પાણીની અછતનું સંકટ ગંભીર સમસ્યાના રૂપમાં ઉભું છે. એવામાં પાણીને કેવી રીતે બચાવી શકાય અને પાણીનું શું મહત્વ છે વગેરે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને દર વર્ષે ૨૨ માર્ચે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવે છે. તો



ચાલો તમને આ દિવસ વિશે વિગતવાર જણાવીએ.

જો આપણે વિશ્વ જળ દિવસના ઈતિહાસ વિશે વાત કરીએ તો બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં ૧૯૯૨ના દિવસે 'યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન એન્વાયરમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ દિવસે જાહેરાત કરવામાં આવી હતી કે, વિશ્વ જળ દિવસ દર વર્ષે ૨૨ માર્ચે ઉજવવામાં આવશે. તે જ સમયે, પ્રથમ વિશ્વ જળ દિવસ ૨૨ માર્ચ ૧૯૯૩ ના રોજ ઉજવવામાં આવ્યો હતો.

આપણે બધા જાણીએ છીએ કે,જે રીતે પૃથ્વીમાંથી પાણી ઝડપથી વહી રહ્યું છે.એવામાં તેને બચાવવા માટે કેટલાક પગલાં લેવામાં આવે તે જરૂરી છે, નહીં તો તે દિવસ દૂર નથી જ્યારે સમગ્ર વિશ્વ પાણીના સંકટ સામે ઝઝૂમતું જોવા મળશે.એટલા માટે આ દિવસને લોકોમાં જાગૃતિ ફેલાવવાના મહત્વ સાથે ઉજવવામાં આવે છે.તેના માટે કોઈ એક વ્યક્તિ પ્રયાસ કરશે તો પાણી બચાવવાની વાત શક્ય બનશે નહીં.

વિશ્વ જળ દિવસ દર વર્ષે ૨૨ માર્ચે ઉજવવામાં આવે છે, અને આ દિવસે વિવિધ સ્તરે ઘણા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.પ્રવચન, પરિષદો, સ્પર્ધાઓ વગેરે દ્વારા લોકોને પાણી બચાવવા સાથે તેના મહત્વ વિશે પણ જાગૃત કરવામાં આવે છે. તે કાર્યક્રમ યોજાયો, ફોટા પડાવ્યા, સેલ્ફી લીધી એટલે પાણી ની બચત થઈ જશે તે વાત ભૂલ ભરેલી છે.. આ માટે યુવાનો અને નાના બાળકો ને પાયાનું જ્ઞાન આપવું જરૂરી છે. શાળા - કોલેજોમાં તેનાં લીગલ વર્કશોપ થવા જોઈએ.. જુદા જુદા સ્થાનિક ઉદાહરણો આપીને નાના બાળકો ને સમજણ આપવી કે પાણી બચાવવાની શરુઆત આપણાંથી કરવી પડશે.. આવી અનોખી પહેલ સાથે નાની નાની વાતમાં પાણી નું મહત્વ સમજવું પડશે.. હાથપગ ધોયા નું પાણી, વાસણ માંજેલુ પાણી, કપડાં ધોયા નું પાણી નો આપણે સૌએ કાર્યક્ષમ ઉપયોગ કરતાં શીખી લેવું જોઈએ.

રમેશ બારડ<br>
ઈનોવેટીવ શિક્ષક<br>
કુંભણ કેન્દ્રવર્તી શાળા તા-મહુવા જી.ભાવનગર

## સુરતમાં ૩૦ વર્ષ જૂનું કૂલિંગ ટાવર કરાયું ડિમોલિશ, ૫ સેકન્ડમાં ટાવર કડડભૂસ

સુરત,તા.૨૧

આજે સુરતના ઉત્રાણ ખાતે ૮૫ મીટર ઊંચા પાવર હાઉસના ટાવરને ધ્વસ્ત કરવામાં આવ્યો હતો. ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશનના ગેસ બેઝ પાવર સ્ટેશનના કુલિંગ ટાવરનું ડિમોલિશન આજે સવારે ૧૧ વાગ્યે કરવામાં આવ્યું હતું. આ ટાવર કે જે ૭૦ મીટર પહોળો હતો જેને ૩૦ વર્ષ પૂર્ણ થતા કેન્દ્ર સરકારે ધ્વસ્ત કરવા નિર્ણય લીધો હતો.આ કુલીંગ ટાવરને ટ્રોલ બ્લાસ્ટિંગ ઈમ્પોઝન ટેકનિકથી બ્લાસ્ટ કરી ડિમોલિશન કરવામાં આવ્યો હતો. બ્લાસ્ટ માટે ૨૫૦ કિલો ટાયમાનાઈટનો વપરાશ કરવામાં આવ્યો હતો. ટાવર સ્થિત વિસ્તારમાં આસપાસના રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. ઉત્રાણ પાવર સ્ટેશનમાં કુલ ૩૭૫ અને ૧૩૫ મેગાવોટના બે પ્લાન્ટ ચાલી રહ્યા છે. જેમાં ૧૩૫ મેગાવોટનો પ્લાટન્ટ ૩૦ વર્ષથી કાર્યરત છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ નિર્ધારીત વર્ષો પછી જુના પ્લાન્ટને જમીનદોસ્ત કરવામાં આવે છે. ઉત્રાણ પાવર સ્ટેશનમાં ૧૩૫ મેગાવોટના પ્લાન્ટને તોડવાની કામગીરી છેલ્લા બે વર્ષથી ચાલતી હતી, આ કામગીરીના ભાગરૂપે આજે કુલીંગ ટાવરને બ્લાસ્ટ ડિમોલિશન કરી દેવાયો છે. કંટ્રોલ બ્લાસ્ટની કામગારી પૂર્ણ થતાં આશરે ૩૦ થી ૪૦ મિનિટનો સમય લાગી શકે છે. બ્લાસ્ટિંગ સમય માત્ર ૧૦ થી ૧૫ સેકન્ડનો હતો, અને માત્ર ૫ સેકન્ડમાં આખો ટાવર કડડભૂસ થઈ ગયો. આ કામગીરીના કારણે ટાવરની આસપાસના માત્ર ૫૦ મીટરના વિસ્તારમાં ધૂળની ડમરીઓ ઉડી અને ૫-૧૦ મિનિટ માટે વંટોળિયા જેવું હવાનું દબાણ સર્જાયુ હતું.

## માલવણના અમદાવાદ- કચ્છ હાઈવે ઉપર ટ્રેલર અને ટ્રેકટર વચ્ચે અકસ્માતમાં ૨ના મોત, ૧૨ ઈજાગ્રસ્ત

સુરેન્દ્રનગર,તા.૨૧

સુરેન્દ્રનગર જિલ્લામાં માલવણ પાસે અમદાવાદ -કચ્છ હાઈવે ઉપર ટ્રેલર અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાતા ૨ લોકોના મોત થયા છે જ્યારે ૧૨ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને ૧૦૮ દ્વારા ધ્રાંગધ્રા અને સુરેન્દ્રનગરની સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ટ્રેક્ટરમાં ૨૦ થી વધારે લોકો સવાર હતા. આ અંગે ધ્રાંગધ્રા તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### હવે વિધાનસભામાં કિરણ પટેલનું નામ ગાજ્યું

# ડબલ એન્જિનની સરકારમાં આઈબી કંઈ કરી નથી શકતી: કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમાર

ગાંધીનગર,તા.૨૧

વિધાનસભા બેઠકમાં આજે ગૃહ વિભાગના માંગણીઓ પર ચર્ચા ચાલી રહી હતી ત્યારે કોંગ્રેસના સભ્યએ સરકારને આડે હાથ લેવાનો પ્રયાસ કર્યો હતો. કિરણ પટેલના મુદ્દે સરકારી કામગીરી સામે સવાલ ઉઠાવાતાં ભાજપના ધારાસભ્યો જીતુ વાઘાણી અને ઉદય કાનગડ બચાવની ભૂમિકામાં આવી અને ગૃહ વિભાગની કામગીરીની વાહવાહી કરવા લાગ્યા હતા. કોંગ્રેસના રાજમાં રાજકીય હત્યા થતી હોવાના ભાજપના ધારાસભ્યના આક્ષેપ વચ્ચે હરેન પંડ્યાની હત્યા અંગે જવાબ આપવા પણ કોંગ્રેસના ધારાસભ્યોએ સામૂહિક કોમેન્ટ કરી હતી.

શૈલેષ પરમારે રાજયમાં કાયદો અને વ્યવસ્થા પર સવાલ ઉઠાવતાં જણાવ્યું કે, રાજ્યમાં કરાઈ એકેડેમીમાં બોગસ પીએસઆઇ, આઈએએસ અને આઈપીએની જાસૂસી થવી, પેપરલીક જેવી ઘટના બનવી, સરકારી પાયલટ બે વર્ષ સુધી અંગત ઉપયોગ માટે સરકારી વિમાનનો દુરુપયોગ કરવો, આ સ્થિતિ પરથી લાગે છે કે રાજ્યમાં કાયદો અને સલામતીની સ્થિતિ સારી નથી.

શૈલેષ પરમારે રાજ્યમાં દારૂ અને ડ્રગ્સના દુષણ વિશે વાત કરતા જણાવ્યું હતું કે, જેમ ડબલ એન્જીનની સરકાર છે. તેમ ગૃહ વિભાગ પણ ડબલ એન્જીનથી ચાલે છે. ગૃહ



વિભાગના પ્રથમ એન્જીન એટલે બાતમીદાર અને બીજું એન્જીન એટલે વહીવટદાર. ગૃહ વિભાગનું જેટલું બજેટ નથી એટલી રકમનો દારૂ અને ડ્રગ્સ પકડાય છે. રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા સારી કામગીરી કરવામાં આવી રહી છે. સ્ટેટ મોનીટરીંગ સેલના વડા નિર્લિપ્ત રાયને અભિનંદન આપું છે. જો કે, નિર્લિપ્ત રાયની પણ જાસૂસી કરવામાં આવે છે. તે રેડ પાડવા જવાના હોય તે પહેલાં બુટલેગરને રેડની ખબર પડી જાય છે. જે પોલીસ વિભાગ માટે શરમજનક બાબત છે.પોલીસ તંત્ર બે ભાગમાં વહેંચાઈ ગયું હોવાનો દાવો કરતાં શૈલેષ પરમારે જણાવ્યું કે, પોલીસ અને સ્કવોર્ડ આમને-સામને આવી ગઈ છે. વહીવટદારો હપ્તા ઉઘરાવાનું કામ કરે છે અને તે જ વહીવટદારોને લીધે સ્કવોર્ડ રેડ પાડી શકતી નથી. શૈલેષ પરમારે રાજ્યના પોલીસ સ્ટેશનમાં ચાલતા વહીવતદારોના રાજ પર સવાલ ઉઠવ્યા હતા. વહીવટદારોને લીધે દારૂનું વેચાણ વધી રહ્યું છે. વહીવટદારોને લીધે બુટલેગરો સામે કાર્યવાહી થતી નથી.રાજ્યમાં નેશનલ ફેમિલી હેલ્થના રિપોર્ટ પ્રમાણે રાજ્યમાં મહિલાઓમાં દારૂનું વ્યસન વધી રહ્યું છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૨ સુધી ૧૪૩૨૨ બળાત્કારના ગુના નોંધાયા છે. જેમાં માત્ર ૨૩૧ ગુનાઓ સાબિત થયા છે. રાજ્યના પોલીસ વિભાગમાં ૧૪ હજાર જગ્યાઓ ખાલી છે જે ભરવામાં આવતી નથી. આ ઉપરાંત શૈલેષ પરમારે જણાવ્યું હતું કે, મારા મત વિસ્તારમાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે. રાજ્ય સરકારને પત્ર લખીને જાણ કરવા છતાં હજી સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી

તાજેતરમાં જ મહાઠગ કિરણ પટેલને ઢ સિક્યુરિટી આપવાનો મુદ્દો ચર્ચાના એરણે છે ત્યારે કોંગ્રેસના ધારાસભ્યએ સરકારને આ મુદ્દે આડે હાથ લીધી હતી. શૈલેષ પરમારે જણાવ્યું કે, ડબલ એન્જીનની સરકાર ચાલી રહી છે ત્યારે કિરણ પટેલ જેવી ઘટના બનવી એ અત્યંત શરમજનક છે. પ્રધાનમંત્રી કાર્યાલયમાં નોકરી કરતાં હોવાનું જણાવી સરકારી તંત્રનો દુરુપયોગ કરનારા કિરણ પટેલના તાર ગુજરાત સુધી જોડાયેલા છે તેમ છતાં રાજ્યની આઈ.બી. કંઈ જ કરી શકી નથી.ભાજપના ધારાસભ્ય ઉદય કાનગડે પોતાના મંતવ્યો વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ જ્યારે કાયદો અને વ્યવસ્થાની વાત કરે તો પીડા એટલા માટે થાય છે કેમ કે ચૂંટણી થતી ત્યારે મંત્રી સ્તરના નેતાઓની રાજકીય હત્યા થતી હતી . સૌરાષ્ટ્ર વિસ્તારમાં જેલ બંધ કરવામાં આવતી અને જેલની આસપાસના જે તે વિસ્તારના બ્રીજ પાસે બોર્ડ લગાવવામાં આવતા હતા કે કાયદો અને વ્યવસ્થાની હદ અહીં પૂરી થાય છે.

### અરવિંદ કેજરીવાલે પીએમ મોદીને પત્ર લખ્યો

# દેશના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ રાજ્યનું બજેટ રોકી દેવામાં આવ્યું હોય

આમ આદમી પાર્ટીની સરકાર મંગળવારે એટલે કે આજે દિલ્હી વિધાનસભામાં પોતાનું બજેટ રજૂ કરી શકી ન હતી.કેજરીવાલ સરકારે દાવો કર્યો હતો કે, બજેટ રજૂ કરવાની મંજૂરી કેન્દ્ર સરકાર પાસેથી મળી શકી નથી. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે.

અરવિંદ કેજરીવાલે પીએમ મોદીને પત્ર લખીને કહ્યું કે દેશના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર એવું બન્યું છે કે કોઈ રાજયનું બજેટ રોકી દેવામાં આવ્યું હોય. કેજરીવાલે પત્રમાં આગળ લખ્યું છે કે તમે (પીએમ મોદી) દિલ્હીના લોકોથી નારાજ કેમ છો?'કૃપા કરીને દિલ્હીનું બજેટ રોકશો નહીં'. અહીંના લોકો તમને હાથ જોડીને પ્રાર્થના કરી રહ્યા છે. અમારું બજેટ પાસ કરો.

ગૃહ મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, આપ સરકાર પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે, કારણ કે તેના બજેટ પ્રસ્તાવમાં જાહેરાત માટે વધુ નાણાં ફાળવવાની વાત છે. દિલ્હીના અન્ય વિકાસ કાર્યો માટે પ્રમાણમાં ઓછી રકમ



ફાળવવામાં આવી છે. જો કે, સુત્રો જણાવે છે કે કેજરીવાલ સરકારે હજુ સુધી આ પ્રશ્નોના કોઈ જવાબ આપ્યા નથી.આમ આદમી પાર્ટીના નેતાઓએ આ આરોપોને સંપૂર્ણ રીતે નકારી કાઢ્યા અને તેને જુઠ્ઠાણા ગણાવ્યા. તેમના મતે સમગ્ર બજેટ ૭૮,૮૦૦ કરોડ રૂપિયા છે. તેમાંથી રૂ. ૨૨,૦૦૦ કરોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ખર્ચ કરવાનો પ્રસ્તાવ છે. તે જ સમયે, જાહેરાતો માટે માત્ર ૫૫૦ કરોડ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. છછ઼ નેતાઓના જણાવ્યા અનુસાર, જાહેરાત માટે ફાળવવામાં આવેલી રકમ ગયા વર્ષના બજેટ જેટલી જ છે.

આપને જણાવી દઈએ કે એક્સાઈઝ પોલિસીમાં કથિત અનિયમિતતાઓને કારણે દિગ્ગજ આપ નેતા મનીષ સિસોદિયાએ હાલમાં જ ડેપ્યુટી સીએમ પદ પરથી રાજીનામું આપી દીધું છે. હાલ તે તિહાર જેલમાં બંધ છે. આ મામલે સીબીઆઈએ તેમની ઘણી વખત પૂછપરછ કરી છે. રાઉસ એવન્યુ કોર્ટે તેની જ્યુડિશિયલ કસ્ટડી ૧૪ દિવસ માટે લંબાવી હતી.સત્યેન્દ્ર જૈન પણ આ સમયે જેલમાં બંધ છે. તપાસ એજન્સીઓની કાર્યવાહી પર કેજરીવાલે કહ્યું કે તે દુર્ભાવનાથી પ્રેરિત છે. કેજરીવાલે કહ્યું હતું કે સીબીઆઈ અને ઈડી કેન્દ્ર સરકારના ઈશારે કામ કરી રહી છે.

## મહારાષ્ટ્રમાં ૧૫ ગુનાના આરોપીને પંચમહાલ પોલીસે દબોચ્યો

દાહોદ,તા.૨૧

મહારાષ્ટ્ર રાજયમાં સટ્ટા, ઈડી સહીતના ૧૫ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો અને છેલ્લા ૩૭ વર્ષથી નાસતા ફરતો આરોપી પંચમહાલ પોલીસના હાથે વેજલપુરથી ઝડપાયો હતો. મોસ્ટ વોન્ટેડ આરોપી સામે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રીની પત્નીને બ્લેકમેઈલ કરવાનો ગુનો પણ નોંધાયો હતો. મહારાષ્ટ્રના ઉલ્હાસનગર ખાતે રહેતો અનીલ ભગવાનદાસ જયસીંગાનિયા મહારાષ્ટ્ર પોલીસના ચોપડે મોસ્ટ વોન્ટેડ આરોપી હતો. તેની સામે મહારાષ્ટ્રમાં વર્ષ ૧૯૮૫ ના અને તાજેતરમાં વર્ષ ૨૦૨૩માં મલબાર પોલીસ સ્ટેશન મુંબઈ ખાતે દાખલ થયેલ ગુનામાં ૩૭ વર્ષથી નાસતો ફરતો હતો.આરોપી અનિલ પોલીસ પકડથી દુર રહી સતત ખુનની કોશીષ,ખંડણી વસુલવી, ગેરકાયદેસર હથીયાર રાખવા, મારામારી, ખોટા દસ્તાવેજો બનાવવા,ગુનાહીત કાવતરૂ રચવુ



તેમજ અન્ય સ્પેશીયલ એક્ટ(ઈડી)ના ગુન્હાઓ વિગેરે પ્રકારના મહારાષ્ટ્ર રાજ્યના ઉલ્હાસનગર થાણે, સેન્ટ્રલ મુંબઈ, વિઠલવાડી, આઝાદ મેદાન મુંબઈ, શકીનાકા મુંબઈ તેમજ ગોવા રાજ્યના અંજુના પોલીસ સ્ટેશન તથા ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરના મળી કુલ ૧૫ ગુનાઓમાં નાસતો ફરતો હતો. મહારાષ્ટ્ર પોલીસ પાસે અનીલ જયસીંગાનીયાનો ૮ વર્ષ જુના ફોટા હતો. આજની તારીખે ફોટાના આધારે અનીલને ઓળખવો મુશ્કેલ હતો.મહારાષ્ટ્ર પોલીસને બાતમી મળી કે ૩૭ વર્ષનો મોસ્ટ વોન્ટેડ આરોપી અનીલ જયસીંગાનીયા વાહનમાં ગુજરાત મા પ્રવેશ કરી વડોદરા હાલોલ થઈ મધ્યપ્રદેશ કે રાજસ્થાન રાજ્યમાં જનાર છે. તેવી બાતમીના આધારે મહારાષ્ટ્ર પોલીસ તેનો પીછો કરતી હતી. આરોપી અનિલે હાલોલ તરફ ગાડી ભગાવી હતી. મહારાષ્ટ્ર પોલીસે પંચમહાલ પોલીસને આરોપી અનિલની જાણ કરીને ૮ વર્ષ જુના ફોટો મોકલ્યો હતો. અને વેજલપુર પોલીસ પોસઈ આર.આર,ગોહિલ તથા તેમની ટીમે કાલોલના ખડકી ટોલનાકા પાસે વોંચ ગોઠવી ગાડી લઈને આવતો અનીલ જયસીંગાનીયાને પકડી વેજલપુર લાવ્યા બાદમાં મુંબઈ પોલીસને સોંપ્યો હતો.અનીલ જયસીંગાનીયાની પુત્રી અનુષ્કાએ પોતાના પિતા અનીલ સામેના વિવિધ ગુનાઓમાંથી બહાર કાઢવા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પત્ની સાથે મિત્રતા કેળવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

NEWS OF GANDHINAGAR_P-4